### અમરેલીમાં ઉતર સિંધી સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આયોજન થતાં

# અમરેલીમાં આજે ગુરૂનાનક જયંતિની ભવ્ય ઉજવણી

**શહેરના શ્રી સુખઅમરધામ મંદિરથી સવારે ૫ વાગ્યે પ્રભાત ફેરી નિકળશે આરતી, પાઠ તેમજ સત્સંગ અને કિર્તન સહિતના અનેક કાર્યક્રમો યોજાશે**

**સાંજે ૫ વાગ્યે ભવ્ય વર્ણાગી અમરેલી શહેરનાં વિવિધ રાજમાર્ગો પરથી પસાર થશે : રાત્રે સમુહ જ્ઞાતી ભોજન અને કેક કાપીને ગુરૂનાનક જન્મદિન ઉજવાશે**



અમરેલી,અમરેલીમાં ઉતર સિંધી સમાજ દ્વારા શ્રી ગુરૂનાનક જન્મ જયંતિ ઉજવવા આયોજન થયું છે. તે નિમિતે આજે તા.૧૫ શુક્રવારનાં રોજ અમરેલી ઉતર સિંધી સમાજ દ્વારા શ્રી સુખ અમરધામ મંદિર ગાંધીબાગ પાસેથી સવારે ૫ વાગ્યે ભવ્ય પ્રભાત ફેરી નિકળશે. સવારે ૭ વાગ્યે આરતી અને ૧૧ વાગ્યે સુખમનીનાં પાઠ તેમજ સત્સંગ કિર્તન યોજાશે. સાંજે ૫ વાગ્યે શ્રી સુખ અમરધામ મંદિરેથી ભવ્ય વર્ણાગી નિકળશે તે નાના બસસ્ટેન્ડ, રાજકમલચોક, હરિરોડ, નાગનાથ મંદિર થઈને સુખ અમરધામ મંદિરે પરત ફરશે. રાત્રે ૯ વાગ્યે જ્ઞાતી ભોજન અને ૧૦ વાગ્યાથી સત્સંગ, કિર્તન અને સુખમનીનો પાઠ તેમજ રાત્રે ૧૦ વાગ્યે કેક કાપીને શ્રી ગુરૂનાનકદેવનાં જન્મદિનની ઉજવણી કરાશે. તેમ શ્રી અમરેલી ઉતર સિંધી સમાજ દ્વારા સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે.

## રાજુલામાં અકસ્માતનો ખતરો ટાળવા પોલીસ ચોકીની સામે બે સ્પીડબ્રેકર મુકવાની માંગણી

**મુખ્યમંત્રીના કાર્યક્રમ સમયે સ્પીડબ્રેકર હટાવવામાં આવ્યા હતા**

રાજુલા, (જયદેવ વરૂ)રાજુલા પોલીસ ચોકીસામે એસ.ટી.બસસ્ટેન્ડ આવેલ છે અહીં અહીં ડેપો માંથી બહાર નીકળતા સમયે એસ.ટી.બસ ઉપર માર્ગ ઉપર આવે તેવા સમયે બંને સાઈડ સિટીના વાહનો પુરપાટ સ્પીડે આવતા હોવાને કારણે એસ.ટી.બસ સાથે અકસ્માતનો ખતરો ઉભો થતા એસ.ટી.બસના ડ્રાયવર સહિત વાહન ચાલકો ચિંતિત બન્યા છે શહેરમા દોડતા વાહન ચાલકો બંને સાઈડ શહેર માંથી આવતા હોય છે સામેની સાઈડ માંથી અલગ અલગ એસ.ટી.બસ દિવસ ભર અવર જવર હોય છે તેવા સમયે સ્પીડ બ્રેકર મુકવા માટેની માંગ ઉઠી છે અગાવ સ્પીડ બ્રેકર હતા પરંતુ મુખ્યમંત્રીના કાર્યક્રમના કારણે મુખ્યમંત્રી આવતા હોવાને કારણે તંત્ર દ્વારા સ્પીડ બ્રેકર હટાવી દેવાયા છે જેના કારણે વધુ મુશ્કેલી અને અકસ્માતનું મોટુ જોખમ સર્જાય શકે છે.ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં તાત્કાલિક સ્પીડ બ્રેકર એસ.ટી.બસ વિસ્તારમાં પોલીસ ચોકી માર્ગ ઉપર બંને સાઈડ મુકવામાં આવે તેવી લોકોની વાહન ચાલકોની માંગ છે.

## વડતાલ ધામમાં દ્વિશતાબ્દી મહોત્સવ નિમિતે ધર્મલાભ લેતા દંડક શ્રી કૌશિકભાઇ વેકરીયા

**આચાર્ય પુજ્ય રાકેશ પ્રસાદજી મહારાજ અને પુ.દ્વારકેશલાલજી મહારાજશ્રીનાં આશિર્વાદ**



અમરેલી,

ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિક વેકરીયાએ આજે જીવનનો પરમ લહાવો માણ્યો હતો અને જીવનની સાર્થકતા અનુભવી હતી. સ્વામિનારાયણ મંદિર - વડતાલ ધામના આંગણે શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં પૂજ્ય આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ અને પૂજ્ય શ્રી દ્વારકેશલાલજી મહારાજ સહિત સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં સહભાગી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. દ્વિશતાબ્દી અવસરે સંતોના સમાગમ અને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી હતી.

### અમરેલી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા

## જાળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સગર્ભા બહેનોની આરોગ્ય તપાસણી

**કુટુંબકલ્યાણ ઓપરેશનનો કેમ્પ યોજાયો**



અમરેલી,

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો. આર એમ જોશી તથા ડો. સાલવી તથા તથા ડો. એ કે સિંગ તથા તાલુકા આરોગ્ય અધિકારી શ્રી ડો.આર કે જાટ ના નેતૃત્વ નીચે તથા મેડિકલ ઓફિસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જાળીયા ના ડો અલ્પાબેન ઠક્કર તથા ડોક્ટર ષિલ અકબરી દ્વારા જાળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર સગર્ભા બહેનોની તપાસ કાર્યક્રમ તથા કુટુંબ કલ્યાણ ઓપરેશનનો કેમ્પ રાખવામાં આવેલ જેમાં સગર્ભા બહેનોને લેબોરેટરી તપાસ સોનોગ્રાફી તથા દવાઓ તથા હાઈરીસ્ક સગર્ભા બહેનોને આર્યન સુક્રોઝ ની બોટલ ચડાવવાની તથા અન્ય જરૂરી તપાસ કરવામાં આવેલ તથા ડોક્ટર આર કે જાટ દ્વારા ચાર કેસોના ઓપરેશન પણ કરવામાં આવેલ ખિલખિલાટ દ્વારા સગર્ભા બહેનોને લેવા તથા મુકવા માટે વ્યવસ્થા કરવામાં આવેલ આ કામગીરીમાં કે.એમ.પંચોલી તથા પી.આર.જાલા તથા સંગીતાબેન સોલંકી તથા મોન્ટુભાઈ પરવાડીયા તથા જતીનભાઈ લશ્કરી તથા તૃપ્તિબેન દવે તથા પાયલબેન રાઠોડ તથાદીશાબેન દામાણી તથા ડિમ્પલબેન ગોહિલ તથા સફાઈ કર્મચારી તથા આશા બહેનોનો સારો એવો સાથ મળેલ ઉપરોક્ત બંને કાર્યક્રમને સફળ બનાવવા માટે ડોક્ટર અલ્પાબેન ઠક્કર તથા કે.એમ. પંચોલી તમામ સ્ટાફ તથા આશા બહેનોનું આભાર માન્યો હતો.

### અમરેલી મોઢ વણીક કોમ્યુનીટી પ્રોપર્ટી અને સુદર્શન નેત્રાલયનાં સંયુક્ત ઉપક્રમે

## અમરેલીમાં વિનામુલ્યે નેત્રનિદાન નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

**૪૯ દર્દીઓએ કેમ્પમાં ભાગ લીધો : ૧૯ને મોતીયા અને એકને વેલનાં ઓપરેશનની વ્યવસ્થા કરી**



અમરેલી,અમરેલી મોઢ વણીક કોમ્યુનીટી પ્રોપર્ટી અને સુદર્શન નેત્રાલય દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ તા.૧૪-૧૧-૨૪નાં રોજ મોઢ વણીક વાડી ખાતે જ્ઞાતીનાં પ્રમુખ દિલીપભાઈ પરીખનાં માર્ગદર્શન નીચે યોજાયો હતો. દિપ પ્રાગટ્ય અને પ્રાસંગીક પ્રવચનો બાદ કેમ્પમાં ડો.પલકબેન મોદી, રાજુભાઈ પરીખ, પકંજભાઈ ગાંગડીયા, કિર્તીભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં. કેમ્પમાં ૪૯ દર્દીઓએ લાભ લીધો હતો જેમાંથી ૧૯ મોતીયાનાં દર્દીઓ તથા ૧ વેલનાં દર્દી હતાં. મોતીયાનાં દર્દીઓની સુદર્શન નેત્રાલય ખાતે ઓપરેશન કરી આવામાં આવશે. ચશ્માનાં નંબરવાળાનાં રાહતદરે ચશ્મા અપાશે. આ કેમ્પ એક વર્ષ સુધી દર મહિનાનાં બીજા ગુરૂવારે થશે. આ કેમ્પમાં સુદર્શન નેત્રાલયનાં ડો.પલકબેન મોદી અને સ્ટાફે સેવા આપી હતી. સંજયભાઈ પરીખે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેમ જણાવ્યું છે.

### હોસ્પિટલની શુભેચ્છા મુલાકાત દરમિયાન

## ટીંબીમાં શ્રી નિર્દોષાનંદજી માનવ સેવા હોસ્પિટલને રૂપિયા પાંચ લાખનું દાન આપતા શ્રી પાનસુરીયા

**નવસારી રહેતા મુળ અમરેલીનાં ચક્કરગઢનાં વતની રમણીકભાઇ પાનસુરીયા તથા કિરીટભાઇ પાનસુરીયા દ્વારા હોસ્પિટલને મદદ**



અમરેલી,

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર)ની નિઃશુલ્ક આરોગ્યસેવાથી પ્રભાવિત ચકકરગઢ (અમરેલી)ના વતની હાલ નવસારી સ્થીત અને ઉદાદિલ દાતા શ્રી રમણીકભાઈ પાનસુરિયા તેમના સુપુત્ર શ્રી કિરિટભાઈ પાનસુરિયા સપરિવાર તા.૦૬.૧૧.૨૦૨૪ના રોજ આપણી હોસ્પિટલની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા.આપણી હોસ્પિટલની નિઃશુલ્ક આરોગ્યસેવા કાર્યથી પ્રભાવિત થઈને રૂા.૫,૦૦,૦૦૦/- (અંકે રૂા.પાંચ લાખ પુરા)નો ચેક હોસ્પિટલના સ્થાપક ચેરમેન/ટ્રસ્ટી શ્રી જીવરાજભાઈ સુરાણી અને ઉપપ્રમુખ શ્રી બી. એલ. રાજપરાને અર્પણ કરેલ. તેઓશ્રીનું શાલ અને પુસ્તક અર્પણ કરી સન્માન કરવામાં હતુ. ટ્રસ્ટી મંડળ વતી તેઓશ્રીનો આભાર વ્યકત કર્યો હતો.

## મોટા બારમણમાં ચાર વર્ષની બાળકીને અડપલા સાથે દુષ્કર્મ કરનાર બે આરોપીઓ ઝડપાઇ ગયાં

**આરોપી અને સહ આરોપીને ગણતરીનાં કલાકોમાં પકડી પાડતી ખાંભા પોલીસ**



અમરેલી,ગઈ તા.૦૬/૦૭/૨૦૨૪ના રોજ આ કામે ભોગ બનનાર ઉ.વ.૦૩ વર્ષ ૧૧ માસ ૭ દિવસ (જન્મ તારીખ-૦૬/૧૨/૨૦૨૦) તેમના ઘરે એકલી હાજર હતી તે વખતે આ આરોપી જગદીશભાઈ મનુભાઈ નાગર રહે.મોટા બારમણ વાળાએ તથા તેમની પત્નિ જ્યોત્સનાબેન ઉર્ફ હેતુ એ આ કામે ભોગ બનનારને ચોકલેટ આપવાના બહાને તેમના ઘરે બોલાવી ઘરનો દરવાજો બંધ કરી જયોત્સનાબેન ઉર્ફ હેતુએ ભોગ બનનારના પગ પકડી રાખી જગદીભાઈએ તેમની સાથે ખરાબ કામ કરેલ હતું તે અંગેની ફરીયાદ ભોગ બનનારના પિતા મનુભાઈ નાગરએ ફરીયાદ આપતા ખાંભા પો.સ્ટે.માં નોંધવતતાં પોક્સો, બળાત્કાર, છેડતી, દષ્ઠમ અંગેનો ગુન્હો દાખલ કરેલ હતો.ભાવનગર રેન્જ આઈ.જી.ગોતમ પરમાર નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અપહરણ/પોકસો/ બળાત્કાર મુજબના ગુન્હાઓના સત્વરે પકડી પાડવા ખાસ સુસના આપેલ હોય, જે અન્વયે, અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ તથા ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક વલયવૈધ નાઓએ અપહરણ તથા પોક્સો, બળાત્કાર દુષ્કમ અંગેના ગુન્હા આચરતા આરોપીઓને તાત્કાલીક પકડવા અને તેમના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી વણશોધાયેલા ગુન્હા ડીટેકટ કરવા અંગે જરૂરી સુસના અને માર્ગદર્શન આપેલ અન્વયે, મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીના જરૂરી માર્ગદર્શન હેઠળ ખાંભા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ આર.જી.ચૌહાણ ની રાહબરી હેઠળ ખાંભા પો.સ્ટેની ટીમે અલગ-અલગ દિશામાં ટેકનીકલ/હ્યુન સોર્સના આધારે આરોપીઓ જગદીશભાઈ મનુભાઈ નાગર ઉ.વ.૨૫ ધંધો.મજુરી રહે.નાના બારમણ મફત પરા વિસ્તાર તા ખોભાજી.અમરેલી, જ્યોત્સનાબેન ઉર્ફ હેતુવા/ઓ જગદીશભાઈ મનુભાઈ નાગર ઉ.વ.૨૪ ધંધો.ઘરકામ રહે.નાના બારમણ તા.ખોભાજી.અમરેલીને ડેડાણ ગામેથી ખાંભા પોલીસ ટીમે પકડી પાડેલ છે.

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી ગુજરાતમાં સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સનું સશક્તિકરણ કરશે




અમદાવાદ, (રાજેશમહેતા)સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી સ્પોર્ટ્સ ઈનોવેશનમાં વધતી જઈ રહેલી અભિરુચિને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સને સમર્થન પૂરું પાડવા ‘સ્વર્ણિમ સ્પોર્ટ્સપ્રેન્યોર સેલ’ને શરૂ કરવા માટેની એક અગ્રણી પહેલને લોન્ચ કરીને ખૂબ જ રોમાંચિત છે. આ પહેલ અંતર્ગત રમતગમતના ક્ષેત્રમાં ઉદ્યોગસાહસિકતા અને ટેકનોલોજી સંબંધિત પ્રગતિને પ્રોત્સાહન આપવામાં આવશે, જેમાં સ્પોર્ટ્સ ટેકનોલોજી, પ્રશંસકોને સાંકળવા અને પર્ફોર્મન્સના વિશ્લેષણ જેવી પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. ભારતમાં સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીનું કદ વર્ષ ૨૦૨૩માં લગભગ ૧૫૮ અબજ રૂપિયા જેટલું હતું. જે વર્ષ ૨૦૨૧ની સરખામણીએ એક નોંધપાત્ર હરણફાળ છે, જેને મીડિયા પાછળ થતાં ખર્ચ, સ્પોન્સરશિપ અને એન્ડોર્સમેન્ટ્સ દ્વારા પ્રોત્સાહન મળ્યું છે. આ હકીકત ફક્ત ક્રિકેટ માટે જ નહીં પરંતુ ફૂટબોલ અને અન્ય ઉભરી રમતો માટે પણ છે. યુનિવર્સિટીનું આ નવું પ્લેટફોર્મ આઈડીયા આપવાથી માંડીને તેનો વ્યાપ વધારવા સુધી સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સને એક સાર્વત્રિક સપોર્ટ પૂરો કોર્ટે પૂરો પાડશે તથા મે માર્ગદર્શન, ફન્ડિંગ અને ઈન્ડસ્ટ્રીના નેટવર્ક સુધીની પહોંચ પણ આપશે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ ફાઉન્ડેશન મારફતે સ્ટાર્ટઅપના વિકાસના વિવિધ તબક્કે નાણાકીય સહાય પણ ઉપલબ્ધ કરાવવામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષમતા ધરાવતા નવીન પ્રકારના સ્પોર્ટ્સ ઉદ્યમોનું સશક્તિકરણ પણ કરવામાં આવશે. હાલમાં ગુજરાતમાં સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સ ઘણાં જૂજ હોવા છતાં યુનિવર્સિટી ઉભરી રહેલી પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે. આવા સ્પોર્ટ્સ ઉદ્યમોને આઈડીયા આપવાથી માંડીને પ્રોટોટાઈપના વિકાસ, એમવીપી અને સ્કેલિંગ સુધીના વિકાસના તમામ તબક્કે સમર્થન પૂરું પાડવામાં આવશે તેના માટેના પાત્રતાના માપદંડો પણ ઘણાં ફ્લેક્સિબલ હશે. I સ્વર્ણિમ સ્પોર્ટ્સપ્રેન્યોર સેલ દ્વારા સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૫૦ લાખનું ફંડ ફાળવવામાં આવશે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી ષભ જૈનએ જણાવ્યું હતું કે, ‘ભારતમાં સ્પોર્ટ્સ ઉદ્યોગસાહસિકતાનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. જે ઉદ્યોગસાહસિકોની આગામી પેઢીને વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને હાંસલ કરવા નોંધપાત્ર પ્રભાવ પાડવા માટે પ્રેરિત કરશે.’ સ્પોર્ટ્સ ઉદ્યોગસાહસિકતા માટેની સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની કટિબદ્ધતા નવીનીકરણ, આર્થિક વિકાસ માટેની તકો પેદા કરશે તથા ગુજરાતને સ્પોર્ટ્સ-આધારિત ઉદ્યોગસાહસિકતામાં અગ્રણી તરીકેનું સ્થાન અપાવશે.’

## તા. ૨૭ નવેમ્બરે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી,

બાબરા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૭ નવેમ્બર, ૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૧ કલાકે બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૪ સુધીમાં બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે રુબરુ અથવા પોસ્ટ મારફતે મોકલવી. અરજીના મથાળે ‘તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ‘અવશ્ય લખવું, તેમ બાબરા તાલુકા મામલતદારશ્રીએ એક યાદીમાં જણાવ્યું હતું.

## લીલીયાના આંબા ગામે રક્તદાન કેમ્પ યોજાયો

**સાવજ પરિવાર દ્વારા સેવાકીય હેતુ અર્થે યોજાયેલા કેમ્પમાં રક્તદાતાઓ ઉમટ્યા**




લીલીયા,

લીલીયા તાલુકાના ગામમાં દેવચંદભાઈ માધવજીભાઈ સાવજ દ્વારા આયોજિત સાવજ પરિવાર ની વાડી માં રક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું..સમસ્ત સાવજ પરિવાર સ્નેહ અને ઉત્સાહ થી રક્ત અર્પણ કરેલ છે...સાવજ પરિવાર ના અગ્રણી શ્રી દેવચંદભાઈ માધવજીભાઈ સાવજ, કિશોર ભાઈ દેવચંદભાઈ સાવજ, ભરતભાઈ ભીખાભાઈ સાવજ, રમણીકભાઈ સાવજ, જીજ્ઞેશભાઈ સાવજ, ભાવેશભાઈ સાવજ, હસમુખભાઈ હરેશભાઈ સાવજ તેમજ સાવજ પરિવાર ના તમામ સભ્યોની ઉપસ્થિતિ માં રક્તદાન કેમ્પ નું આયોજન કરાયું હતુ. સાથે સાથે આંબા ગામે ભવ્ય થી ભવ્ય તુલસી વિવાહ નું આયોજન કરવામાં આવ્યું હતું..કેમ્પ માં ૨૪ બોટલ આવેલ આ તકે તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડો.એમ.એ. સિદ્ધપુરા, ક્રાકચ મેડીકલ ઓફિસર શ્રી ડો જાય તાલુકા સુપરવાઈઝર શ્રી એમ.એસ.માધડ,ભરત વિંઝુડા, એન.આર.વેકરીયા, જયેશભાઈ ગરણીયા,વાસીત્રીબેન દેવમુરારી અને વર્કર શ્રી હાજર રહ્યા હતા.

અવધ ટાઇમ્સ
ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર
ચમત્કારીક પરિણામો મેળવવા માટે
આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

॥ જય રામેશ્વર ॥
મો. ૯૮૭૯૦ ૧૬૯૭૧
મો. ૯૯૨૫૬ ૧૩૧૮૩
ઉધઈ થી બચો
પ્રવિણભાઈ
ઘર, દુકાન, ઓફિસ ઉધઈ પેસ્ટ કન્ટ્રોલ ગેરંટીથી કરી આપશું.
લાઈબ્રેરી રોડ, કિસાન પરા, રાજકોટ
૧૨ વર્ષની ગેરંટી

એસટી ડેપો સામે દુકાન વેચવાની છે
અમરેલીમાં નવા એસ.ટી.બસ પોર્ટ સામે,
જીમખાના શોપીંગ સેન્ટરમાં વ્યાજબી ભાવે
દુકાન વેચવાની છે
સંપર્ક સમય : બપોરે ૨ થી ૫
મો.૯૪૨૬૪ ૨૨૬૭૬

કેરીયાનાગસ રોડ ટચ
મોકાનો શેડ વેચવાનો છે.
■ ૪૫×૬૧ ■ ઉંચાઈ ૨૫ ફુટ
■ ઓફિસ ■ કિચન ■ સ્ટોર રૂમ સાથે
■ વિશાળ મેદાન ■ ૪ વસા જગ્યા અને
કોઈપણ ઉદ્યોગને લાગુ પડે તેવો
Mo. 9484456020 | 9428468560

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

### જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી મનિષ સંઘાણીના માર્ગદર્શન નીચે અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિન સાવલીયાના અધ્યક્ષપદે

# અમરેલી અમર ડેરીમાં સહકાર સપ્તાહની ઉજવણી

**૭૧માં અખિલ ભારતીય સહકાર સપ્તાહની ઉજવણીનો ધ્વજ લહેરાવીને અમરેલીની અમર ડેરી ખાતે વિધિવત રીતે ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો**

**શ્રી જેન્તીભાઇ પાનસુરીયા, શ્રી અરૂણભાઇ પટેલ, શ્રી જીજ્ઞેશભાઇ રામાણી અને યુવા સમિતીના ડાયરેકટરો, સહકારી આગેવાનોની ખાસ ઉપસ્થિતિ**





અમરેલી, અમરેલી જિલ્લા દુધ સંઘ સંચાલિત અમર ડેરી ખાતે અખિલ ભારતીયસહકારસપ્તાહનીઉજવણીનો શ્રી અશ્વિનભાઈ સાવલીયાના અધ્યક્ષ પદેપ્રારંભકરવામાંઆવ્યોહતો. ગુજરત રાજ્ય સરકારી સંઘ ની દિશા નિર્દેશો અનુસાર અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી મનીષ સંઘાણી ના માર્ગદર્શન હેઠળ અમરેલીના અમરડેરી ખાતે અમરેલી જીલ્લા સહકારી સંઘ અને ટીમ સહકાર દ્વારા સહકાર સપ્તાહના શુભારંભ પ્રસંગે અમરડેરીના અધ્યક્ષ શ્રી અશ્વિનભાઈ સાવલિયા ની અધ્યક્ષતામાં સહકારનો ધ્વજ ફરકાવી સહકારી સેમીનારનુંઆયોજન કરવામાંઆવ્યું. આ સહકાર સપ્તાહ ૧૪ નવેમ્બર ૨૦૨૪ થી ૨૦નવેમ્બર ૨૦૨૪ એમ ૭ દિવસ સુધી ચાલશે જેમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા વિવિધ સહકારી સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. આ અવસરે અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ ના અધ્યક્ષ શ્રી જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી ના ઉપાધ્યક્ષ શ્રી અરુણભાઈ પટેલ, અમરેલી જિલ્લા સહકારી સંઘ ના યુવા સમિતિ ના અધ્યક્ષ શ્રી જીજ્ઞેશભાઈ રામાણી સંઘના યુવા સમિતિના ડાયરેક્ટરશ્રીઓ, સહકારી અગ્રણીઓ અને કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

### શોર્ટસર્કિટ સર્જાતા ગેસનો બાટલો ફાટ્યો : શ્રી હિરાભાઇ સોલંકી અને શ્રી ભગુભાઇ સોલંકી દોડી ગયાં

# જાફરાબાદમાં શોર્ટસર્કિટથી આગ : લાખોનું નુકશાન

**આગમાં માચ્છીમારની ઘર વખરી સહિતની ચીજવસ્તુઓ બળીને ખાખ : ધારાસભ્યએ મદદની ખાતરી આપી**



તસવીર : ફીરોજ પઠાણ

જાફરાબાદ, (રસુલખાન પઠાણ)

જાફરાબાદનાં પીપળીકાંઠે રહેલા ઝુડામાં કોઈ કારણોસર શોર્ટ સર્કિક સર્જાતા ઝુપડા અને માછીમારોની ઘરવખરી સહિત ચિજવસ્તુઓ બળીને ખાખ થઈ જતા અંદાજે લાખો રૂપિયાનું નુક્શાન થયું હતું. માછીમારોનાં ડીઝલ ભરવાનાં બેરલ તે વિસ્તારમાં હતાં અને અચાનક શોર્ટ સર્કિટથી આગ લાગતા ઉંચે સુધી આગની જ્વાળાઓ જોવા મળી હતી. ઉપરાંત આગને કારણે રાંધણ ગેસનો બાટલો ફાટતા લોકોમાં ભારે દોડધામ મચી હતી. સદનસીબે કોઈ જાનહાની કે ઈજા થઈ ન હતી.

આ બનાવ અંગે જાણ થતા ખારવા સમાજનાં અગ્રણી શ્રી ભગુભાઈ સોલંકી તથા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી દોડી ગયા હતાં. આગને ઠારવા માટે પાલિકા પાસે ફાયર ફાયટરનાં કોઈ સાધનો ન હોવાથી અલ્ટ્રાટેક સિમેન્ટ તેમજ સિન્ટેક્ષની ટીમોને બોલાવી આગ બુજાવવા જહેમત ઉઠાવી હતી.

### પાલિકા પાસે ફાયર ફાયટર જેવી કોઇ સુવિધા નથી

### અગ્રણીશ્રી ભગુભાઇ સોલંકીનો પાલિકા સામે આક્રોશ

જાફરાબાદ,

જાફરાબાદનાં પીપળીકાંઠે આગ લાગી હતી પરંતુ પાલિકા પાસે કોઈ સુવિધા ન હોવાથી અલ્ટ્રાટેક, સિન્ટેક્ષ સહિતની કંપનીઓની ફાયર ફાયટરની ટીમોને બોલાવી આગ બુજાવી હતી. આ અંગે ખારવા સમાજનાં શ્રી ભગુભાઈ સોલંકીએ પણ ફાયર ફાયટરની સુવિધાઓ આપવા માંગ કરી રોષ વ્યક્ત કર્યો હતો.

### મોટા સમઢીયાળાથી રૂગનાથપુર વચ્ચે મોબાઇલ ચોરાયો

અમરેલી, ખાંભા તાલુકાના મોટા સમઢીયાળાથી રૂગનાથપુર વચ્ચે હિતેષભાઈ ભીમાભાઈ ખાટરીયા મોટા સમઢીયાળાથી સાવરકુંડલા જતા હતા. ત્યારે રૂગનાથપુરમાં રીયલમી કંપનીનો મોબાઈલ રૂા. ૧૫,૯૯૯ ની કિંમતનો પડી જતા કોઈ ચોરી ગયાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકીએ જરૂરી મદદ કરવાની ખાતરી આપી

### સરકારમાંથી સહાય અપાવવા હૈયા ધારણા

જાફરાબાદ, જાફરાબાદનાં પીપળીકાંઠે આગની ઘટનાની જાણ થતા ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકી દોડી ગયા હતાં અને માછીમાર પરિવારને ભારે નુકશાન થતા મદદ કરવા ખાતરી આપી સરકારમાંથી સહાય અપાવા પણ હિરાભાઈ સોલંકીએ હૈયાધારણા આપી હતી.







એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી. નં. ૯૪-૨૦૨૪

અરજદાર : શ્રી લાલજીભાઇ પોપટભાઇ અકબરી રહે.વાંકીયા, તા.જી.અમરેલી

સામાવાળા : તલાટી કમ મંત્રી વાંકીયા ગ્રામ પંચાયત તા.જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામના લાલજીભાઈ પોપટભાઈ અકબરીએ તેઓના કૌટુંબીક કાકાના દિકરા પ્રવિણભાઈ હરિભાઈ અકબરીનો જન્મ તા.૦૧-૦૬-૧૯૫૪ ના રોજ થયેલ હોવા ની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા ના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૪-૧૧-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો

એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**

**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

• બાયપાસ બ્રાન્ચ •
સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ •
સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ •
રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯



ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી

પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ



**બોનાન્ઝા બેન્કવેટ**

**કલાપી બેન્કવેટ**

**ગુલમહોર ફંકશન હોલ**

લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન

તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.

સંપર્ક : પિનાકીન ચિત્તલીયા

મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩





AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૧૫-૧૧-૨૦૨૪ શુક્રવાર

# ભારતમાં હવે તબક્કાવાર કોર્પોરેટ કૃષિ કંપનીઓનું સામ્રાજ્ય પૂરબહારમાં વધ્યું છે ને વધતું જ જાશે

છેલ્લા જે બે ત્રિમાસિક પરિણામો આવ્યા એણે કૃષિ અને મૂલ્યવર્ધિત કૃષિ પેદાશો માટે આશાવંત ચિત્ર રજૂ કર્યું છે. ભારતમાં કૃષિ પેદાશો સંબંધિત કોર્પોરેટ કંપનીઓમાં એકાએક વધારો થયો છે અને એમાંની અનેક કંપનીઓ હવે આંતરરાષ્ટ્રીય લિન્કેજ ધરાવતી થઈ છે. દેશમાં નવા નાણાંકીય વર્ષનો પ્રારંભ થયો એને સમય વીતી ગયો છે અને આ સમયગાળામાં ગંગા-યમુનામાં ઘણા પાણી વહી ગયા છે. વાસંતિક ફૂલોના રંગની જેમ અર્થતંત્રના અનેક રંગ આ વરસે પ્રજાએ જોવાના છે. ભારત અત્યારે સમય અને સંયોગોના એક એવા ત્રિભેટે આવીને ઊભેલો દેશ છે કે જેની સામે રાષ્ટ્રીય જીવનના અનેક ક્ષેત્રોમાં અનેક પડકારો ઊભા છે. ગમે તેવું નેતૃત્વ હોય તો પણ આ પડકારોને પહોંચી વળવાનું કામ આસાન નથી. આફ્રિકન દેશો સહિતના અનેક દરિદ્ર રાષ્ટ્રો ભીષણ મંદીમાં મદદ માટે ભારત તરફ મીટ માંડીને બેઠા છે.

ઘરના છોકરાઓએ ઘંટી ચાટવી ન પડે એ માટે સરકાર પારકાને આટો આપવામાં સ્વાભાવિક વિલંબ કરી રહી છે. તોય આજ સુધીમાં લાખો ટન અનાજ નિકાસ થયા છે ને ભેટ પણ અપાયા છે. ટૂંકાગાળાના આ ખેલનો ઈતિહાસ બહુ લાંબો છે. કેન્દ્ર સરકારે ચોખાની કેટલીક જાતોની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો એનું મુખ્ય કારણ આ વરસનું અનિયત ચોમાસુ છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વરસાદ શબ્દ સાંભળતા જ લોકો થરથર ધ્રૂજવા લાગે છે એવો એમનો આ વખતનો અનુભવ છે. સરકાર પીડિતોને મદદ કરે છે પરંતુ આખી દુનિયા ફરી વસાવવી પડે એટલે શું એ પ્રલયનો ભોગ બનેલા લોકોને પૂછો તો ખબર પડે. જરૂરિયાતની સામે ચાલુ વરસે અનાજ-કઠોળ ઉત્પાદન બહુ જ ઓછું આવવાનું છે. હવે આ ચોમાસાની વિદાય પછી મોડી પડેલી રવિ મોસમ પર ઘણો આધાર છે. પાછલી મોસમની ઘટને કારણે જીરુ, ડુંગળી, તેલીબિયાંના ભાવ આ શિયાળે પ્રજાને વ્યાકુળ કરશે.

હવામાનમાં ફેરફારોને કારણે વરસાદનો છેલ્લો રાઉન્ડ ઘટાદાર વાદળો અને વર્ષાથી છવાયેલો હતો પરંતુ જે ખેતરો ધોવાઈ ગયા છે એમને ગંભીર નુકસાન થયું છે. દેશમાં ખરીફ પાક સારો હોય તો જ એને અનુસરીને રવિપાક પણ સારો થાય છે. એટલે ચાલુ નાણાકીય વર્ષ કૃષિ ક્ષેત્ર માટે ફળદાયી તો રહેવાનું છે પરંતુ એના પરિણામે જ બજારમાં રૂપિયો ફરતો થવાનો છે અને અન્ય ઔદ્યોગિક સહિતના ક્ષેત્રમાં પણ આ વર્ષે તેજીની અસર દેખાવાની છે. એ તેજીની અત્યારે ખરેખર શરૂઆત થઈ ગઈ છે. દુનિયાભરમાં મંદીના સન્નાટા બોલતા હોય ત્યારે ભારતીય અર્થતંત્ર તેજીના હવામાનને લઈ આવે તે એશિયાના વિવિધ દેશો માટે આશ્ચર્યજનક છે. ચીનથી પાછા ફરી રહેલા અનેક રોકાણકારો પોતાના ભંડોળ સાથે હવે ભારતમાં અવતરણ કરવા લાગ્યા છે. નવાઈની વાત એ છે કે આગંતુક વિદેશી રોકાણકારોને ભારતીય ઉદ્યોગોમાં હવે કૃષિ સંબંધિત ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વધુ રસ પડે છે. આ એક શુભ ચિહ્ન છે.

રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાન્ત દાસે હવે શરૂ થઈ રહેલી રવિ મોસમ માટે ૧૦.૫ ટકાનો વિકાસ અંદાજ મૂક્યો છે. જો કે પહેલી નજરે મુશ્કેલ લાગે છે, પરંતુ ઈ.સ. ૨૦૨૩-૨૦૨૪ના બેકલોગને સરભર કરવા માટે ઉદ્યોગો અને સેવાઓ જે રીતે કામે લાગેલા દેખાય છે, એ જોતાં એ સાવ અસંભવ નથી. મિસ્ટર શક્તિકાન્તે અગાઉ પણ કહ્યું જ હતું કે ભારતીય અર્થતંત્રની ગાડી હવે પાટે ચડી ગઈ છે અને સુધારાવાદી અભિગમ દ્વારા અર્થતંત્રમાં ચડતી કળાનો ચંદ્ર દેખાય છે. દેશમાં સરકાર સતત ગુલાબી ચિત્ર રજૂ કરવા ચાહે છે પરંતુ નાના પરિવારોના પર્સ-પાકિટ વધુ નાના અને ખાલી થઈ ગયા છે. અર્થતંત્ર જ્યારે કટોકટીના ભેડાઘાટમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે કુદરતી કૃપા સરીખો વરસાદ જો સકારાત્મક રહે તો કૃષિક્ષેત્રની મદદથી અર્થતંત્ર વધુ ગતિવાન બને. કેન્દ્ર સરકારે દેશના અધિક ડેન્ગ્યુ સંક્રમિત ૧૨ રાજ્યો સાથે ઉચ્ચસ્તરની એક મિટિંગ યોજીને સખત પગલાં લેવાનો અનુરોધ કર્યો છે. ચીનમાં હવે ઝેરી તાવના રોગચાળાની સ્થિતિ ગંભીર છે. એનો લાભ ભારતને મળે છે.

સ્ટાર્ટ અપનો પ્લાન લગભગ બધા જ સેક્ટરમાં નિષ્ફળતાને જઈ વર્યો છે. આરંભે શૂરા જેવો ઘાટ ધરાવતા સ્ટાર્ટ અપ ઈન્ડિયા પ્રોજેકટનું બાળમરણ થયું એવું કહેવું અતિશયોક્તિ નહીં ગણાય. ઈ.સ. ૨૦૧૫માં બધા જ ભારતીય સ્ટાર્ટ અપ પ્રોજેકટે દેશવિદેશમાંથી સાડા સાત અબજ ડોલરનું ફન્ડિંગ ભેગું કર્યું હતું જે એના પછીના વર્ષે એટલે કે ૨૦૧૬ માં ઘટીને સાડા ત્રણ અબજ ડોલર થઈ ગયેલું. ઈ.સ. ૨૦૧૬ ની નોટબંધીએ તો અડધોઅડધ સ્ટાર્ટઅપની બુનિયાદ તોડી નાંખી હતી. શરૂઆતના તબક્કામાં સ્ટાર્ટઅપ ઈન્ડિયા પ્રોજેકટને કારણે પાંચ લાખ યુવાઓને પ્રત્યક્ષ અને પંદર લાખ કરતા વધુ યુવાનોને પરોક્ષ રોજગારી મળી હતી. છેલ્લા સાતેક વર્ષમાં જ દસમાંથી નવ સ્ટાર્ટ અપને તાળું લાગી ગયું છે. એકાદ સ્ટાર્ટઅપ કંપની મરવાના વાંકે જીવતી હતી તો તેનો દમ લોકડાઉનમાં તૂટી ગયો. કોરોના વાયરસે લોકોના જીવનના ભોગ લીધા પણ લોકડાઉનને કારણે કરોડો આંખોમાં અંજાયેલા સપનાનું ગળું પણ દબાઈ ગયું. સ્ટાર્ટઅપ ઈન્ડિયા હવે ભૂતકાળ છે. અલબત્ત, સ્ટાર્ટઅપ સેકટરમાં અપવાદો હશે અને તે પણ નોંધપાત્ર સંખ્યામાં. પરંતુ જે સ્તર ઉપર તેની સ્વપ્નીલ શરૂઆત કરવામાં આવી હતી તે અત્યારે સદંતર ગાયબ છે.

### રાજ્યનાં ગૃહ વિભાગ દ્વારા ૨૦૨૧-૨૨ માં રાજુલા, ધારી સહિત ૧૫ જગ્યાઓ મંજુર થયેલી તે પૈકી નવ જગ્યાએ નિમણુંકો થઇ પણ

# રાજુલામાં ડીવાયએસપીની જગ્યા હજુ પણ ભરાઇ નથી

### રાજુલા ઔદ્યોગીક વિસ્તાર હોય અને દરિયા કાંઠો હોવાથી ડીવાયએસપીની નિમણુંક આપવી અત્યંત જરૂરી



રાજુલા, (કનુભાઇ વરૂ)

ગુજરાત પોલીસ દ્વારા અને ગૃહ ખાતા દ્વારા ૨૦૨૧ ૨૨ માં રાજુલા ધારી સહિત ૧૫ જગ્યાએ નવી ડીએસપીઓની કચેરીઓ મંજૂર કરી હતી. જે પૈકી ગુજરાતમાં નવી ૯ કાર્યરત થઈ ત્યારે રાજુલા શા માટે બાકાત તેઓ રાજુલા ની પ્રજાનો વૈદિક પ્રશ્નો ગુજરાત સરકાર દ્વારા અને ગૃહ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૧ ૨૨ માં જેટલી નવી ડીવાયએસપી ની ઓફિસો મંજૂર થઈ હતી જે લાંબા સમય સુધી ભરવામાં આવી ન હતી ત્યારે તાજેતરમાં હૈદરાબાદ થી ટ્રેનિંગ લઈ અને ટ્રેનિંગ પૂર્ણ કરી નવા આવેલા આઈપીએસ અધિકારીઓ ની નિમણૂક નવ જેટલી કચેરી નવી શરૂ થઈ ગઈ છે જે પૈકી રાજુલા અને ધારીમાં પણ મંજૂર થયેલ હતી ધારીમાં નવાવાય ડીવાયએસપી ની જગ્યા અને ઓફિસ કાર્યરત થઈ ગઈ છે ત્યારે રાજુલા સાથે જ ધારી મજુર થયું હતું.

ધારી તાલુકો નાનો હોવા છતાં ત્યા જગ્યા ભરાઈ ગઈ ત્યારે આ વિસ્તારમાં સેવાડા નો તાલુકો રાજુલા ઉદ્યોગિક વિસ્તાર છે દરિયા કિનારો હોવાથી વર્ષો પહેલા સરકેશ્વર પાઠોડામાં દાણ ચોરીનો માલ પણ હતો થોડા વર્ષો પહેલા પહેલા વિદેશી માનવી પણ પોર્ટ માધૂસી આવ્યો હતો અને દેશ વિદેશના અહીં બહારના સીપો પણ આવે છે રાજુલા થી સાવરકુંડલા ૫૦ કિલોમીટર દૂર છે તેમજ ૧૦ ઉપરાંત જાફરાબાદ જાફરાબાદ મરીન પીપાવાવ મરીન નાગેશ્રી રાજુલા ટાઉન ડુંગર પોલીસ સ્ટેશન ખાંભા પોલીસ સ્ટેશન શહીત જેટલા પોલીસ સ્ટેશન માટે ડીવાયએસપીની કચેરી ની ખાસ જરૂર છે તેમજ અહીં સુરક્ષાની દ્રષ્ટિએ સૌથી દરિયાકિનારો પણ નજીક છે તેમ જ અહીં કોચગાર્ડ ડીવાયએસપી કસ્ટમ કમિશનરનેવી ડીવાયએસપી એસઆરપી ડીવાયએસપી દરિયાઈ પોલીસ કમાન્ડો ડીવાયએસપી તેમ અહીં હાલ પાંચ ડીવાયએસપીઓ કાર્યરત છે ત્યારે માત્ર અંત્ય જરૂરી અને લોકો જ ના સંપર્કમાં હોય અને સુરક્ષા મજબૂત અને દિવસ તેની કચેરી સાવરકુંડલા ધકાનો થાય તે માટે રાજુલામાં મંજૂર થયેલી છે તે કચેરી ડીવાયએસપીની કચેરી રાજુલામાં તાત્કાલિક શરૂ કરવી જોઈએ જેવી રીતે તાત્કાલિક ધારી શરૂ કરી છે તેવી જ રીતે રાજુલામાં કાર્યરત થાય તેવી માંગણી રાજુલા શહેરીજનોમાંથી ઉઠવા પામી છે ડીવાયએસપી ની કચેરી માટે જગ્યા પણ સીપીઆઈ કચેરીની છે જૂની મામલતદાર ઓફિસની જગ્યા છે હિંડોરડા કોષ ગાર્ડની ઓફિસ જ્યા હતી તે જગ્યા પણ ખાલી પડી છે તો ખાલી ડીવાયએસપી ભરવામાં આવે તો આ વિસ્તારમાં લોકોને સાવરકુંડલા અને ડીવાયએસપીને નાનો મોટો બનાવ બને ત્યારે રાજુલા દોડીને આવવું પડે છે ત્યારે સમય જાય છે તો અહીં થાય તો સમય પણ ઝડપી પકડાય તે માટે ઓફિસ જરૂરી રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા દ્વારા આ જગ્યા ભરવા ગૃહ ખાતા ધારાસભ્ય ડીજી સહિતને રજૂઆત કરી રાજુલા ઓફિસ ડીવાયએસપીની કાર્યરત કરવા માંગણી કરી છે.

રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ચિરાગભાઈ જોશી જણાવે છે કે ડીવાયએસપીની કચેરી અહીંયા હોય તો લોકોને સાવરકુંડલા જવાબ લખાવવા કે રજૂઆતનું કામ હોય તો સમય અને પૈસા બંને બચત થાય અને કોઈ પણ મોટી દુર્ઘટના થઈ હોય કે તોફાનોતો અહીં સ્થાનિક ડીવાયએસપી હોય તો ઘટના તુરત જ શકે ઝડપી કાબુમાં આવી શકે અને જાફરાબાદ અગાઉ અનેક વખત કોમી તોફાનો પણ થયેલા ઉદ્યોગોમાં પણ ઝઘડા થયેલ છે અને હજી આ વિસ્તારમા ઉદ્યોગો આવી રહ્યા છે તેની સામે પણ વાદવિવાદ શરૂ થતા હોય છે જેથી ડીવાયએસપીને કચેરી રાજુલા હોવી જરૂરી છે

## સુરતમાં ૧૧૧ કરોડની સાયબર છેતરપિંડીનો પર્દાફાશ

સુરત,

દેશ અને દુનિયામાં સાયબર છેતરપિંડીનું નાણું રાખવામાં મદદગારી કરનાર ગેંગના ચાર સભ્યોની સુરત પોલીસે ધરપકડ કરી છે. દેશ અને દુનિયામાં સાયબર છેતરપિંડીનું નાણું રાખવામાં મદદગારી કરનાર ગેંગના ચાર સભ્યોની સુરત પોલીસે ધરપકડ કરી છે. તેમણે રૂ. ૧૧૧ કરોડથી વધુની છેતરપિંડી કરવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સાયબર ગુનેગારોને ૬૨૩ બેંક એકાઉન્ટ્સ આપ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મંગળવારે ધરપકડ કરાયેલા ચાર આરોપીઓ સાયબર છેતરપિંડી કરનારાઓ સાથે કામ કરતી ગેંગનો ભાગ હતા, નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ ને અત્યાર સુધીમાં તેમની વિરુદ્ધ ૮૬૬ ફરિયાદો મળી છે. તેમણે કહ્યું કે, દેશભરમાં આ ગુનેગારો વિરુદ્ધ ૨૦૦ કેસ નોંધવામાં આવી છે. જૂનમાં, સુરત પોલીસે કમિશન લીધા પછી છેતરપિંડીના નાણાં પાર્ક કરવા માટે સાયબર ગુનેગારોને બેંક એકાઉન્ટ્સ પ્રદાન કરવામાં સંડોવાયેલા આઠ લોકોની ધરપકડ કરી હતી.

# લીલીયાથી અંટાળીયાના રસ્તે બાઇક સ્લીપ થતા પ્રૌઢનું મોત

### માથામાં કપાળે ગંભીર ઇજા થતા મોત નિપજાવ્યાની ફરિયાદ

અમરેલી,

લીલીયાથી અંટાળીયા જવાના રસ્તે લાઠીનાં કૃષ્ણગઢનાં દેવાતભાઈ ઉર્ફે દેવાયતભાઈ ભુરાભાઈ કનાળા ઉ.વ.૪૧ પોતાનું પ્લેટીના બાઈક જીજે૫ એફએલ ૧૧૬૨ પુરઝડપે અને બેફીકરાઈથી લાવી રોડ ઉપર અચાનક બાઈક સ્લીપ થઈ જતા પોતાને માથામાં અને કપાળના ભાગે ગંભીર ઈજા થતા મોત નિપજાવી ગુનો કર્યાની જીવાભાઈ ભીખાભાઈ કનાળાએ લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# તાઇવદરના પાટીયા પાસે અજાણ્યા વાહને બાઇકને હડફેટે લેતા મોત

### બાઇક સાથે ભટકાવી યુવાનને ગંભીર ઇજા કરી મોત નિપજાવી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,

બાબરા તાલુકાના કરીયાણા તરફ જવાના રોડે તાઈવદરના પાટીયા પાસે ખંભાળા ગામના ભાવેશભાઈ ભરતભાઈ અહલગામા ઉ.વ.૧૮ પોતાનું સ્પલેન્ડર પ્રો જીજે ૨૩ એએસ ૦૧૩૮ લઈને બાબરાથી ખંભાળા તરફ જતા હોય. ત્યારે તાઈવદર ગામના પાટીયા પાસે કોઈ અજાણ્યા વાહનચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી બાઈકને હડફેટે લઈ ભાવેશભાઈને માથામાં અને જમણા પગે સાથળમાં તેમજ શરીરે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી નાસી ગયાની રાજુભાઈ વિરજીભાઈ અહલગામાએ બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ભાયાવદરથી ડાંગાવદર ગામના રોડે મીની બસે બળદગાડાને હડફેટે લીધુ

### ગાડા સાથે ભટકાવી પતિ પત્નીને ઇજા, ફેક્ચર કર્યું

અમરેલી,

ધારી તાલુકાના ભાયાવદર થી ડાંગાવદર જતા રોડે તા.૧૨-૧૧ ના સાંજના ૬.૦૦ કલાકે ડાંગાવદરનાં રતુભાઈ જીવાભાઈ બલદાણીયા ઉ.વ.૭૦ તેમજ તેમના પત્ની સવિતાબેન ખેતીનું કામ પતાવી પોતાના ઘરે બળદ ગાડુ લઈને પરત જતા હોય. ત્યારે ડાંગાવદર જતા રોડે સુરાપુરાની ખાંભી પાસે પહોંચતા પાછળથી એક મીની બસ માતૃકૃપા જીજે ૧૧ ટીટી ૮૮૦૯ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી બળદ ગાડા સાથે અકસ્માત કરી રતુભાઈને માથામાં, ડાબા હાથે અને જમણા પગની પીંડીમાં ઈજા કરી પત્ની સવિતાબેનને જમણા પગમાં ફેકફચર કરી ગંભીર ઈજા કરી ગંભીર ગુનો કર્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બગસરામાં રેકડીવાળા નાના ધંધાર્થીઓને નગર પાલિકા દ્વારા પરેશાન કરાતા ચેમ્બરની રજુઆત

### નાના રેકડી ધારકોને કાયમી મુશ્કેલી સામે રોષ : ચેમ્બરના આગેવાનો નગરપાલિકાએ દોડી ગયાં

બગસરા, (સમીર વિરાણી)



બગસરા એટલે નાનું એવું ખોબા જેવું એવું ગામ આ છેડેથી નીકળો ત્યાં શામાં છેડે પૂગો ત્યાં થોડીક વારમાં જ પૂર્ણ થતું નાનું એવું ગામ જેમાં કોઈ પણ જાતના ઉદ્યોગ નથી નથી કોઈ ગૃહ ઉદ્યોગ ત્યારે ૨૦૧૫ થી પછડાટ થયેલ બગસરા માં અનેક આર્થિક સમસ્યાઓથી ઘેરાયેલું બગસરા માં નાના નાના વેપારી રેકડી ધારકો પોતાનું પેટીયુ રડતા હોય ત્યારે નગરપાલિકાના સત્તાધીશો દ્વારા ખોટી રીતે નાના નાના ગરીબ રેકડીવાળાઓને ૨૦૦ ની પાવતી આપી ખોટી રીતે નગરપાલિકાના સત્તાધીશો ચીફ ઓફિસર હેરાન કરતા હોય ત્યારે બગસરામાં અનેક રાજકારણીઓની બિલ્ડીંગો ગેરકાયદેસર હોય જેને પૂછવા પણ જોવાતું નથી ત્યારે અમુક તો બાંધકામો કોમ્પ્લેક્સના કોમ્પ્લેક્સ બની ગયેલ છે જેમાં સાત સાત આઠ વર્ષથી બાંધકામની મંજૂરી લીધેલ નથી અને ગેરકાયદેસર રીતે બાંધકામ કરી નાખેલ છે ત્યારે આવા રાજકારણીઓ પાસે સત્તાધીશોને અને ચીફ ઓફિસરને બીક લાગતી હોય તેવું લાગી રહ્યું છે ત્યારે બગસરામાં સાર્વજનિક પ્લોટ માં બાંધકામ કર્યું હોય તેવી અનેક જગ્યાઓ જોવા મળશે ચીફ ઓફિસરને આવા નાના નાના પોતાના ધંધા રોજગાર અને ટકે ટકનું ખાતા હોય તેવા રેકડી ધારકોને ખોટી રીતે હેરાન કરવા માં આનંદ આવતો હશે કારણ કે તેઓ મોટા મોટા રાજકારણીઓ સત્તાધીશો મોટી વગ ધરાવતા લોકો પાસે જઈ શકે તેમ નથી એટલા માટે આવા નાના નાના લોકો ઉપર રોપ જમાવી હેરાન કરવાનું શરૂ કર્યું છે ત્યારે નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો આ લોકોનો આનંદથી તમાશો જુએ છે નગરપાલિકાની ચૂંટણી નજીક હોય ત્યારે ઘરે ઘરે રીક્ષા મોકલીને ભાઈસાબ બાપા કરી મત મેળવનાર આ લોકો નાના માણસોને હેરાન કરવાનું ક્યારે બંધ કરશે? તેઓ વેદક સવાલ રેકડી ધારક ના પરિવારો દ્વારા સવાલ ઉઠ્યા છે બગસરામાં વર્ષોથી ધંધો કરતા નાના નાના વેપારીઓને પોતાના રોજી રોટી આ શાકભાજી વેચીને કમાવાની હોય છે હાલ બે ત્રણ દિવસ પહેલાની જ વાત છે ત્યારે નગરપાલિકાના સત્તાધીશો આ લારીઓ વાળા પાસે આવ્યા હતા અને લારીમાંથી શાકભાજી ઉઠાવીને કચરાના ટ્રેક્ટર માં ઘા કરવા લાગ્યા હતા તેમને ખબર છે કે માર્કેટિંગ યાર્ડમાં શાકભાજી નો શું ભાવ છે તેને તો માત્ર પેલી તારીખ આવે એટલે પોતાના ખાતામાં પગાર પડી જતો હોય છે તેને શું ખબર હોય છે કે આ શાકભાજી ની શું કિંમત છે આખી શાકભાજી ની લારી માં ભરેલ શાકભાજી વેચે ત્યારબાદ નફો નીકળે છે આવું જ રહ્યું તો બગસરા ૨૪ ૬ ૨૦૧૫ ભારે વરસાદ થી ભાંગી પડ્યું છે ત્યારબાદ અનેક વાવાઝોડા આવ્યા કોરોનાની મહામારી આવી બાકી કાઈ રહ્યું છે . તો આ નગરપાલિકાના સત્તાધીશો પૂરું કરી દેશે એટલે બગસરા સાવ ભાંગી પડશે તેમ લાગી રહ્યું છે નગરપાલિકાના ચીફ ઓફિસરને ચેમ્બર ઓફ કોમર્સના દ્વારા અનેકવાર રજૂઆત કરેલ કે આ નાના નાના રેકડી ધારકોને હેરાન કરવાનું બંધ કરો જો ૨૦૦ રૂપિયા આપો તો ટ્રાફિક નડતું નથી અને ૨૦૦ રૂપિયા નો આપો તો ટ્રાફિક નડે છે તેવી બેવડી નીતિ સામે લોકોમાં રોષ જોવા મળ્યો છે. તાજેતરમાં નગરપાલિકામાં રેકડી ધારકો તથા ચેમ્બર ઓફ કોમર્સ ના સભ્યો ચીફ ઓફિસરને રજૂઆત કરવા નગરપાલિકાએ પહોંચ્યા હતા. પરંતુ તેમણે નનૈયો કરતા રેકડી ધારકો પાછા ફર્યા હતા.

## રાજુલાનાં વડલી નજીક બાઇક સાથે ઇકો કાર ભટકાઇ

### પ્રૌઢને ફેક્ચર જેવી નાની મોટી ઇજાઓ કરી ચાલક નાસી ગયો

અમરેલી,

ઉનાના પાણખાણ વાડી વિસ્તાર અશોકભાઇ મનાભાઈની વાડી મુળ ખાંભાના હનુમાનપરા ગામના જયસુખભાઈ લાખાભાઈ પરમાર ઉ.વ.૪૦ પોતાનું બાઈક ચલાવી પાછળ રાજુભાઈ કાદરભાઈને બેસાડી બર્બટાણા ગામેથી પોતાના ઘરે જતા હતા. ત્યારે વડલી ગામ નજીક પહોંચતા ઈકો ફોરવ્હીલ જીજે ૧૪ એપી ૧૪૪૬ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી બાઈક સાથે ભટકાવી જયસુખભાઈને પગમાં ફેક્ચર કરી શરીરે નાની મોટી ઈજાઓ કરી સ્થળ પર ફોરવ્હીલ મુકી ચાલક નાસી ગયાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લીલીયા ક્રિષ્ના ક્રેડીટ કો. ઓ. સોસાયટીમાં ચેક રીટર્ન કેસમાં ત્રણ બાકીદારોને બે વર્ષની સજા

### ચેકની રકમ જેટલો દંડ અને વળતર ચુકવવા કોર્ટે આદેશ કર્યો



અમરેલી, લીલીયા ક્રિષ્ના ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીમાંથી ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર અજયભાઈ મગનભાઈ ચૌહાણ, અજયભાઈ રમેશભાઈ ડાભી, નિતીનભાઈ રમેશભાઈ ડુંગરીયા રહે. લીલીયાવાળા સામે મંડળીના મેનેજર જીતેન્દ્રભાઈ ડી. પાઠકે લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરતા અને કેસ ચાલી જતા લીગલ એડવાઈઝર શ્રી પાઠકની ધારદાર દલીલોને ગ્રાહય રાખી અદાલતે ત્રણેય બાકીદારોને બે વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કર્યો હતો. અને વળતર ન ચુકવે તો વધુ છ માસની સજા ભોગવવાનો હુકમ કરેલ છે. આમ સજા ભોગવવા લીલીયાના સિવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. આમ હુકમ થતા મંડળીના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આમ એકજ મંડળીના એક સાથે ત્રણ બાકીદારોને સજા થતા લીલીયા શહેરના બાકીદારોમાં સન્નાટો છવાયો હતો.

# બાબરામાં જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે ઝડપી લીધા

### પોલીસે જુગારના પટમાંથી રૂા.૧૦,૩૦૦ કબ્જે કર્યા

અમરેલી,

બાબરામાં જાહેરમાં હારજીતનો જુગાર રમતા અસરફ રહેમાનભાઈ પરમાર, સમીર રહીમભાઈ મેતર, રફીક અલારખભાઈ મેતર, નિશાર કાદરભાઈ મેતર, સાબીર હનીફભાઈ મેતરને પો.કોન્સ. રામદેવસિંહ સરવૈયાએ રોકડ રૂા.૧૦,૩૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

# અમરેલીમાં રીક્ષાચાલક ઉપર હુમલો

### અન્ય રીક્ષાચાલકે લાકડી અને ઢીકાપાટુ વડે મારમાર્યાની ફરિયાદ

અમરેલી,

અમરેલી હનુમાનપરા પાઠક સ્કુલ પાસે રહેતા રાઠોડભાઈ જગુભાઈ ધાધલ ઉ.વ.૪૫ રીક્ષાનું ભાડુ લઈને જતા હોય. ત્યારે નાજ વલકુભાઈ વાળા ભાડુઆતને બોલાવી કહેવા લાગેલ કે હું તમને સસ્તા ભાડે મુકી જઈશ તેમ કહેતા રાઠોડભાઈએ કહેલ કે મારે ભાડુ બંધાઈ ગયેલ છે જેથી સારૂ નહી લાગતા લાકડી અને ઢીકાપાટુ વડે માર મારી ગુનો કર્યાની અમરેલી સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# નવા વર્ષે શ્રી રૂપાલાની મુલાકાતે શ્રી લુણસર



પૂર્વ ભારત સરકારના મંત્રી હાલના રાજકોટના સંસદ શ્રી પરષોત્તમભાઈ રૂપાલા તેમને બેસતા વર્ષની મુલાકાત રામરામ કરતા પૂર્વ તાલુકા પંચાયત કાળુભાઈ લુણસર સહિત નજરે પડે છે.

# અમરેલીમાં ટ્રાફિકને અડચણરૂપ લારી ધારકો સામે ગુનો નોંધાયો

અમરેલી, અમરેલીનાં ટાવર રોડ શાકમાર્કેટ પાસે જાહેર રોડે ટ્રાફીકને અડચણરૂપ લારી રાખતા ગુલામહુસેન હાજીભાઈ ગીગાણી, ફહીમ અહરાભાઈ મીઠાણી સામે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.



## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૧૫.૧૧.૨૦૨૪, શુક્રવાર, સંવંત ૨૦૮૧, કારતક સુદ પૂનમ, ભરણી નક્ષત્ર વ્યતિપાત યોગ, વિષ્ટિ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આગળ વધવાની તક મળે, કેટલીક સુંદર પ્રતિભા તમે કેળવી શકો.
વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે, ખર્ચ પર અંકુશ રાખવો, થોડું ગણતરીપૂર્વક ચાલવું પડશે.
મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, યાર દોસ્તની સહાય મળી કાર્ય પૂર્ણ થાય, પ્રગતિકારક દીવસ રહે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને થોડી ઉઠાપટક રહેવા સંભવ છે.
સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવો જરૂરી બને છે .
કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય, મન નું ધાર્યું ના દરમિયાન મૂડ બદલાય કરે, સાંજ ખુશનુમા વીતે.
તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, તમારા અભિપ્રાયની ગણના થાય .
વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી, જીવનમાં નિયમિતતાની જરૂર છે, ખાવાપીવામાં કાળજી લેવી પડે .
ધન (ધ,ભ,ફ,ઢ): પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્ર થી મુલાકાત થાય, મનની વાત વ્યક્તિ કરી શકો.
(ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય, વિચારોમાં હકારાત્મકતા આવે , દિવસ આનંદ માં વીતે.
કુંભ (ગ,સ,શ ) : નવા કાર્યમાં આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, નવી પદ્ધતિથી કાર્ય કરી શકો .
મીન (દ,ચ,ઝ,થ): તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો, દિવસ શુભ રહે, ભૂતકાળમાં થી પાઠ લેવો જરૂરી બને.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૯૫૦ થી ૧૫૭૦ મગફળી ૮૫૦ થી ૧૨૮૬

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૩૦-૧૨૪૦
શિંગમોટી-૮૫૦-૧૨૮૬
શીંગફાડા-૧૦૦૦-૧૦૯૦
તલસફેદ-૧૮૦૦-૨૮૭૦
તલકાળા-૨૮૦૦-૪૦૬૧
જુવાર-૪૬૨-૭૨૦
ઘઉંટુકડા-૫૫૧-૬૬૯
ઘઉંલોકવન-૫૬૯-૬૯૧
ચણા-૧૦૮૫-૧૩૬૧
કપાસ-૯૫૦-૧૫૭૦
ધાણા-૧૧૪૦-૧૪૨૨
સોયાબીન-૬૪૦-૮૪૭
અડદ-૬૬૦-૧૫૩૨
એરંડા-૧૧૨૮-૧૧૨૮
મરચાલાંબા--
જીરૂ-૪૧૫૦-૪૬૭૫

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૧૦-૫૨૦
રીંગણા-૪૦૦-૮૫૦
ફલાવર-૬૦૦-૮૦૦
કોબીઝ-૨૦૦-૪૦૦
ટમેટાં-૬૦૦-૭૦૦
ફોદીનો-૮૦૦-૧૦૦૦
ગાજર-૯૦૦-૧૧૦૦
ગલકા-૫૦૦-૬૦૦
કાકડી-૪૦૦-૫૫૦
ગુવાર-૮૦૦-૧૨૦૦
દુધી-૩૦૦-૪૦૦
તુરીયા-૭૦૦-૮૦૦
ભીડો-૫૦૦-૬૦૦
આદુ-૯૦૦-૧૦૦૦
કોથમીર-૪૦૦-૬૦૦
મેથીભાજી-૫૦૦-૬૦૦
ટીંડોરા-૫૦૦-૭૦૦
લીમડોમીઠો-૯૦-૧૧૦
મરચાલીલા-૬૦૦-૧૨૦૦
મુળા-૩૦૦-૪૦૦
લીંબુ-૮૦૦-૧૦૦૦
પાલક-૫૦૦-૬૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૫૩૫-૬૦૦
સોયાબીન-૭૭૧-૮૧૧
ઘઉં-૬૧૧-૬૮૦
જુવાર-૮૨૮-૮૨૮
કપાસ-૧૪૦૦-૧૫૨૫
તલસફેદ-૧૮૫૦-૨૫૦૦
અડદ-૧૪૫૦-૧૪૫૦
મગ-૨૩૦૦-૨૩૦૦
શીંગ-૧૦૦૦-૧૧૪૧
ચણા-

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૬૧-૭૨૧
ડુંગળીલાલ-૫૦૦-૯૫૧
તલસફેદ-૧૮૦૦-૨૬૪૮
અડદ-૪૯૨-૧૮૧૫
સોયાબીન-૮૧૧-૮૮૮
શીંગ ૬૬-૧૧૯૦-૧૬૦૦
ડુંગળીસફેદ-૨૦૦-૧૧૦૦
જીરૂ-૪૬૯૩-૪૬૯૩
બાજરી-૪૬૫-૬૪૪
જુવાર- ૩૦૬-૮૨૮
નાળીયેર-૬૫૦-૩૦૪૦

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૦૦-૧૫૯૫
ઘઉં-૫૦૬-૬૩૪
મગફળી-૧૧૧૯-૧૨૨૧
જીરૂ-૪૦૫૫-૪૬૪૫
અડદ-૧૧૭૦-૧૩૪૦
તલકાળા-૩૨૩૦-૩૪૦૦
સોયાબીન-૭૮૧-૮૦૯
કપાસકોડી-૧૧૨૦-૧૩૦૦

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૪૬૦-૧૫૫૮
ચણા-૧૧૪૦-૧૪૧૦
મગફળી-૮૦૦-૧૧૧૩
ઘઉં-૪૮૯-૬૫૧
અડદ--
સોયાબીન-૫૯૦-૭૭૬

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૨૦૧
શીંગજીણી-૧૦૦૦-૧૧૫૧
અડદ-૮૨૩-૧૩૭૫
તલસફેદ-૧૯૫૨-૨૫૦૯
કપાસ-૧૪૫૦-૧૫૬૫
ઘઉંલોકવન-૫૦૦-૬૩૫
જીરૂ-૪૩૭૫-૪૬૧૧
ઘઉંટુકડા-૫૫૧-૬૪૧
ચણા-૧૦૨૫-૧૫૭૫
સોયાબીન-૭૮૦-૮૪૪
એરંડી--

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૪૭૬-૧૫૪૯
મગફળી-૯૧૧-૧૧૮૦

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૩૫૬-૧૫૬૩

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૦૦-૧૫૬૫
અડદ-૯૦૦-૧૪૦૦
મગફળી-૬૦૫-૯૭૦
શીંગદાણા-૮૨૫-૧૧૪૦
સોયાબીન-૫૧૮-૭૭૫
ઘઉં-૫૦૦-૬૩૦
રાય--

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૧૦૦૦-૧૬૦૦
દાડમ-૧૬૦૦-૩૦૦૦
મુસંબી-૫૦૦-૧૦૦૦
સંતરા-૪૦૦-૯૦૦
કીવી-૪૦૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૦૦૦-૨૮૦૦
અનાનસ-૧૨૦૦-૧૬૦૦
જામફળ-૨૦૦-૮૦૦
કેળા-૩૫૦-૬૦૦
પોપૈયા-૪૫૦-૭૦૦
સીતાફળ-૪૦૦-૯૦૦
સફરજન કાશ્મીર-૧૧૦૦-૨૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન-૩૪.૫
ન્યુનતમ તાપમાન -૧૭.૮
ભેજનું પ્રમાણ -૫૭
પવનની ગતિ સરેરાશ -૩.૭

### ત્રણ કિલોમીટર લાંબી જાન સાથે ઠાકોરજી પરણવા આવ્યાં : તુલસી વિવાહની ઉજવણી

# રાજુલા અને વારાહ સ્વરૂપ મંદિરે ભાવિકોએ ભગવાનને પરણાવ્યાં

**ભારે ઠાઠમાઠ અને હાથી ઘોડા સાથે ત્રણ કિલોમીટર લાંબી ઠાકોરજીની જાન નિકળી**

**માર્ગમાં ઠેર ઠેર ઠાકોરજીનાં સામૈયા સાથે સ્વાગત : મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો**

**શ્રી લાખણોત્રા, શ્રી સુતરીયા, શ્રી સોલંકી શ્રી જીણારામબાપુ સહિતની ઉપસ્થિતિ**





રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા વિસ્તાર તુલસી વિવાહની ભવ્ય થી ભવ્ય ઉજવણી કરવામાં આવી ભારે ઠાઠમાઠ સાથે હાથી ઘોડા અને ત્રણ કિલોમીટર સુધી લાંબી ઠાકોરજીની જાન નીકળી હતી અને ભોજન પ્રસાદનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું મીઠાભાઈ લાખણોત્રા જાન કન્યા પક્ષમાં મહેમાનો આવ્યા કોવાયા ખાતે સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા તથા જેવી કાકડિયા તથા ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી તથા ઝીણા રામ બાપુ સિહોર રાત્રિના કલાકારોએ ભારે જમાવટ કરી હતી અને કથીવદર થી વારા સ્વરૂપ મંદિરે આવી હતી.

વારાહ સ્વરૂપ સમગ્ર આયોજન તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રા દ્વારા કરવામાં આવ્યું હતું. રાજુલા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રા દ્વારા વારા સ્વરૂપ ખાતે ભવ્ય વર્ષો પરંપરાગત ઠાકોરજીને પરણાવવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું હતું અને તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ત્રણ કિલોમીટર સુધી લાંબી ઠાકોરજીની જાન નીકળી હતી જેમાં હાથી ઘોડા સહિત હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા અને ભોજન પ્રસાદ તેમજ લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજુલા ખાતે ઘનશ્યામભાઈ લાખણોત્રા દ્વારા તેમજ મહાકાળી મંદિરે શંભુ ભગત દ્વારા ભવ્ય તુલસી વિવાહની કરવામાં આવી હતી જેમાં હજારોની સંખ્યામાં ભાવિકો જોડાયા હતા રામપરા થી વૃંદાવન થી જાન આવી હતી રાજેન્દ્ર બાપુ ૧૦૦૮ તેમજ પીપાઓના મહંત શ્રી મહેશ બાપુ તથા નિંગાળા ના માન શ્રી બાપુ સમાજના પ્રમુખ બાઘાભાઈ કોવાયા રામભાઈ રામ તથા જેબીભાઈ વાળા અનકભાઈ વાળા તથા કનુભાઈ ભગવાન કૃષ્ણ બે ઉપર બેસાડીને લાવ્યા હતા અને ભવ્ય સામે રાજુલામાં થયું હતું તેમજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ લાખણોત્રા જાનને ખૂબ જ સાચવી હતી. રાજુલા જાફરાબાદ તુલસી વિવાહના દિવસે કૃષ્ણમય બન્યું હતું તે રીતે કરવામાં આવી હતી અને વારા સ્વરૂપ અને રાજુલામાં ભવ્ય લોક ડાયરા નું આયોજન થયું હતું.

### ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી દ્વારા પોતાના જન્મદિવસ નિમિતે અનોખી સેવા દાખવી

# રાજુલામાં નિરાધાર વૃદ્ધોને સહાયના હુકમો આપી જન્મદિન ઉજવતા શ્રી સોલંકી

**સૌથી અલગ પ્રજાલક્ષી કાર્ય કરી અને જન્મદિવસની ઉજવણી કરી અનોખુ ઉદ્દાહરણ પુરૂ પાડયું**



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા જાફરાબાદ ખાંભા વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી નો ૧૪ નવેમ્બરના દિવસે જન્મદિવસ હતો આ દિવસે ૩૦ જેટલા વિધવા તેમજ વૃદ્ધોને વિધવા સહાય વૃદ્ધ સહાયના હુકમો તાત્કાલિક કરાવી અને આ હુકમો તેમના ઘરે જઈને વિતરણ કરવામાં આવ્યું હતું. લોકોની સુખાકારી માટે સરકાર માટે મળતી યોજનાનું તાત્કાલિક અમલીકરણ કરી અને આ નિરાધાર વૃદ્ધો તેમજ વિધવાઓને સહાયના હુકમો ઘરે ઘરે જઈને અર્પણ કરી એક અનોખું કાર્ય અને અનોખો રાહ ધારાસભ્યોને ટીમ દ્વારા સૂચવવામાં હતો. રાજુલા શહેરમાં જાફરાબાદ રોડ ભેરાઈ રોડ છતડીયા રોડ મુખ્ય બજાર સહિતના વિસ્તારોમાં ૩૦ જેટલા આવા લાભાર્થીઓના હુકમો તાત્કાલિક અસરથી કરાવી અને આ હુકમો તેમને અર્પણ કરવામાં આવ્યા હતા અને ધારાસભ્યએ પોતાનો જન્મદિવસ આ રીતે નિરાધાર લોકોની સેવા કરી સાદગીથી પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો.

# ગોંડલમાં તુલસી વિવાહમાં શ્રી રૂપાલાની ઉપસ્થિતિ

**પુર્વ ધારાસભ્યશ્રી જયરાજસિંહ જાડેજાને ત્યાં સાંસદશ્રી રૂપાલાએ ધર્મલાભ લીધો**

ગોંડલના પૂર્વ ધારાસભ્ય શ્રી જયરાજસિંહ ટેમુભા જાડેજા અને વર્તમાન ધારાસભ્ય શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા ના આંગણે આયોજિત ભગવાન શ્રી ઠાકોરજીના (શાલીગ્રામ) વિવાહના અલૌકિક મંગલ અવસરમાં સહભાગી થવાનો અવસર સાંપડ્યો હતો. આ પાવન પ્રસંગે શ્રી શ્રી શાલીગ્રામ ભગવાન અને ભગવતી તુલસીમાતાના દર્શનનો લાભ લેવા બદલ ધન્યતા અનુભવું છું. તેમ રાજકોટના સાંસદ શ્રી પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું. તે તસવીરમાં નજરે પડે છે.



# અમરેલી જિલ્લામાં મગફળી, મગ, અડદ સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરો

**કૃષિ મંત્રી રાઘવજીભાઈને પત્ર પાઠવતા પ્રા. જે. એમ. તળાવિયા**



અમરેલી :

રાજ્ય સરકારે લાભ પાંચમના શુભ મુહરુતથી મગફળી, મગ, અડદ અને સોયાબિનની ટેકાના ભાવથી ખરીદી શરૂ કરવાની જાહેરાત કરી હતી. પરંતુ આજ દિન સુધી આ નિર્ણયનો અમલ કરવામાં આવ્યો નથી. ખેડૂતોએ પોતાની ખેત જણસો તેમાં પણ ખાસ કરીને મગફળી માર્કેટીંગ યાર્ડમા લાવીને મૂકી દીધી છે અને નાછૂટકે ઓપન માર્કેટમાં પ્રતિ ૨૦ કિલો રૂ. ૮૫૦ થી રૂ. ૧૧૦૦ માં વેચી દેવી પડે છે. આ વર્ષે વરસાદ વધુ પડતા ખેડૂતોને નુકસાનીનો બમણો માર સહન કરવો પડી રહ્યો છે. બીજી બાજુ ખેતરના પડા નવરા પડતા તેઓને શિયાળુ પાક માટે પણ તૈયારીના ભાગ રૂપે ખાતર - બિયારણ ખરીદવાના હોય તેઓ નાણા ભીડ અનુભવી રહયા છે. આ બાબતે સત્વરે યોગ્ય કરી ખેડૂતોના હિતમાં નિર્ણય કરવા પ્રા.જે.એમ.તળાવિયાએ એક પત્ર પાઠવી રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને રજુઆત કરી છે તેમણે આ અંગે પુરુષોત્તમભાઈ રૂપાલા, સાંસદ-રાજકોટ, મનસુખભાઈ માંડવીયા, કેન્દ્રીય મંત્રી - ન્યુ દિલ્હી, ભરતભાઈ સુતરિયા, સાંસદ - અમરેલી અને કૌશિકભાઈ વકરીયા, ધારાસભ્ય - અમરેલીને પણ આ અંગે જાણ કરી છે.

### અમરેલી પાલિકાનાં વોટર વર્કસ ખાતે પુછપરછ અને ફરિયાદ માટે ટેલીફોનીક વ્યવસ્થા કરાઇ

અમરેલી, અમરેલી જિલ્લાની તારવાડી વોટરવર્કસ સંસ્થા ખાતે પાણી પુરવઠા વિતરણ વ્યવસ્થાની પૂછપરછ તથા ફરિયાદ માટે જૂના સી.યુ.જી. નં. ૯૬૬૨૫૩૬૮૩૫ બંધ થયા છે. આથી હવેથી તે પૂછપરછ તથા ફરિયાદ માટે નવા સી.યુ.જી. નંબર ૯૬૬૨૫૩૬૮૨૪ અને લેન્ડલાઈન નં. (૦૨૭૯૨) ૨૨૨૧૪૪ પર સંપર્ક કરવો, તેમ નગરપાલિકા ચીફ ઓફિસર શ્રીએ એક અખબારી યાદીમાં અનુરોધ કરતા જણાવ્યુ છે.

### સરસીયાનાં આચાર્યનો આકાશવાણી વાર્તાલાપ

અમરેલી, સરસિયા હાઈસ્કૂલના પ્રિન્સિપાલ દિવ્ય પ્રકાશના કોલમિસ્ટ મયૂર દવે નવી શિક્ષણનીતિ અને ગ્રામ્ય વિસ્તારમાં બદલાતા શિક્ષણના પ્રવાહો શિક્ષણ પર આકાશવાણી રાજકોટ પરથી વાર્તાલાપ આપશે. શ્રીમતી આર.બી.એમ.હાઈસ્કૂલના રાજ્ય અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા મયૂર દવે તા. ૧૬/૧૧/૨૪ ને શનીવારે સાંજે ૫.૩૦ થી ૬.૦૦ કલાકે આકાશવાણી રાજકોટ પરથી ગ્રામ્ય વિસ્તારમાં બદલાતા શિક્ષણના પ્રવાહો તેમજ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પર વાર્તાલાપ આપશે. આ અગાઉ દવે એ અનેક શૈક્ષણિક સામાજિક અને રાષ્ટ્રીય વાર્તાલાપ આપ્યા છે. તેઓએ હિન્દી ગુજરાતી સંસ્કૃતમાં ઘણા શૈક્ષણિક વાર્તાલાપ આપ્યા છે.

# સાવરકુંડલામાં મહાત્મા મુળદાસ જયંતિ ઉજવાઇ

**પુજન, અર્ચન, શોભાયાત્રા સહિતનાં કાર્યક્રમો લુહાર જ્ઞાતિ સમાજ વાડીમાં યોજાયા**



સાવરકુંડલા, (સૌરભ દોશી) પરમ પૂજ્ય સંત શ્રી મહાત્મા મુળદાસબાપુની ૩૫૦મી જન્મ જયંતિ અને દિવ્ય રીતે સાવરકુંડલા ખાતે તારીખ ૧૩ નવેમ્બર ૨૦૨૪ બુધવારના રોજ ઉજવાઈ હતી જેમાં પૂજન વિધિ કાર્યક્રમ સવારે ૯:૦૦ કલાકે લુહાર જ્ઞાતિ સમાજની વાડીમાં રખાયો હતો અને સમૂહ પ્રસાદ બપોરે ૧૧:૦૦ કલાકે લુહાર જ્ઞાતિની વાડી ખાતે રાખેલ હતો અને પ્રસાદના આજીવન મુખ્ય દાતાશ્રી સ્વ પુષ્પાબેન વનમાળી ભાઈ મકવાણા હસ્તે વનમાળી દાસ દુર્લભજીભાઈ મકવાણા અને મનીષભાઈ વી મકવાણા, જીતેન્દ્રભાઈ વી મકવાણા હતા. જ્યારે ૧૩ નવેમ્બર ૨૦૨૪ ના ભોજન પ્રસાદ ના દાતાશ્રી સ્વ મગનભાઈ વશરામભાઈ કારેલીયા અને તેમનો પરિવાર હતો. જ્યારે પ્રસાદ બાદ ૪:૦૦ કલાકે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં લુહાર જ્ઞાતિના બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. અને સાવરકુંડલા સમસ્ત લુહાર જ્ઞાતિ સમાજ અને મુળદાસ યુવક મંડળ દ્વારા સંત શ્રી મહાત્મા મુળદાસબાપુની ૩૫૦મી જન્મ જયંતિ ઉજવાઈ હતી અને મહાત્મા મુળદાસબાપુની જન્મ જયંતી નિમિત્તે તેમના ચરણોમાં વંદન કરી બધાની સુખાકારી માટે પ્રાર્થના કરાઈ હતી.

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## બોટાદમાં શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞની પુર્ણાહુતિ

**જેબલીયા પરિવાર દ્વારા પિતૃ મોક્ષાર્થે થયેલું આયોજન**



બોટાદ, બ્રાહ્મણ સોસાયટી ખાતે રહેતા મુળ ગામ તરઘરા હાલ બોટાદ રહેતા નિવૃત્ત જેબલીયા, અને એડવોકેટ નયનભાઈ જેબલીયા દ્વારા જેબલીયા પરીવાર ના પિતૃના મોક્ષાર્થે ભાગવત કથા સપ્તાહ નુ આયોજન કરવામાં આવેલ તેમા કથા સપ્તાહ ની પુર્ણાહુતિ પ્રસંગે બોટાદ ના બહુમુખી પ્રતિમા ધરાવતા અને અનેક સામાજિક ધામિર્ક રાજકીય સસ્થા સંગઠનો સાથે જોડાયેલા બોટાદ ના ગૌરક્ષક સામતભાઈ જેબલીયા દ્વારા સપ્તાહ કથા પારાયણ વાચતા પુરાણીજી ને તથા કથા ના આયોજકો ને પણ રજવાડી કેસરિયા સાફા બાંધી શક્તિ રૂપે ણ રજવાડી તલવારો અપેણ કરી રજવાડી ઠાઠથી વિષેસ સન્માન કરવામાં આવેલ વિષેસમા સામતભાઈ જેબલીયા દ્વારા જણાવવામાં આવે છે કે અન્ય પ્રરકારે સિલ્ડ મેડલો પ્રમાણ પત્રો પ્રાપ્ત કરેલ પ્રતિભાશાળી મહાનુભાવોને પણ સાફા બાંધી તલવારો અપેણ કરી હરહંમેશ કરે છે તો બોટાદ જિલ્લા શહેર તાલુકાઓમા કોઈ પણ વ્યક્તિ જેતે પ્રકારે સિધ્ધિ મેળવેલ છે તેઓ ને આ બાબતે બોટાદ ના ગૌરક્ષક સામતભાઈ જેબલીયા ના મોબાઈલ નંબર, ૯૮૨૪૩૯૦૧૩૩,, મા ફોન કરી જાણ કરવા વિનંતી તેમ બોટાદ ના ગૌરક્ષક સામતભાઈ જેબલીયા ની યાદીમાં જણાવાયું છે.

## રાજકોટમાં ડેંગ્યુથી ૭૨ કલાકમાં બે મોત

રાજકોટ,

રાજ્યમાં ડેન્ગ્યું ના કેસોમાં વધારો થતાં જોવા મળી રહ્યો છે સાથેજ તંત્ર દ્વારા પણ પગલા લેવાઈ રહ્યા છે તેમ છત્તા, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પણ રોજ ઓપીડીમાં લાંબી લાઈનો લાગે છે રાજકોટ શહેરમાં રોગચાળઓ વકર્યો છે જેમાં ડેન્ગ્યુંથી ૨ લોકોના મોત થયા હોવાની વાત સામે આવી છે. ડેન્ગ્યુથી ૨૧ વર્ષના યુવક અને ૧૦ વર્ષીય બાળકીનું સારવાર દરમિયાન નિપજયું મોત, હાલમાં આરોગ્ય વિભાગે સમગ્ર વાતને લઈ તપાસ હાથધરી છે તેમજ જે વિસ્તારમાં મૃતકો રહેતા હતા તે વિસ્તારમાં દવાનો છંટકાવ અને ફોંગિંગની કામગીરી પણ કરાઈ છે. હાલમાં રાજયમાં બે ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

## એચડીએફસી બેંકની પરિવર્તન પહેલ : ગુજરાતમાં ૫૮ લાખથી વધારે લોકોના જીવનમાંસુખદ પરિવર્તન લાવી

**અરવલ્લી, પાટણ અને બનાસકાંઠામાં નવા પ્રોજેકટસ લોન્ચ કરવા બેંક સજ્જ થઇ**



અમદાવાદ, (રાજેશ મહેતા) ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંક એચડીએફસી બેંક તેની સીએસઆર પહેલ પરિવર્તન મારફતે ગુજરાતમાં અત્યાર સુધીમાં ૫૮.૫૩ લાખ લોકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવી ચૂકી છે. એચડીએફસી બેંકની પરિવર્તન પહેલ ગુજરાતમાં વર્ષ ૨૦૧૭થી ચાલી રહી છે. બેંકે વર્ષ ૨૦૧૭થી આણંદ, ગાંધીનગર, પંચમહાલ, મહીસાગર, તાપી, વલસાડ, સાબરકાંઠા, નર્મદા, ખેડા, ગીર સોમનાથ, અમરેલી અને કચ્છ જિલ્લામાં એચઆરડીપી હેઠળ ૨૦૫ ગામોને આવરી લીધાં છે. આ ઉપરાંત, તેણે ગુજરાતમાં તેના ફોકસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ, બનાસકાંઠા, ભાવનગર, ડાંગ, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહીસાગર, નવસારી, પંચમહાલ, રાજકોટ, સાબરકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લાઓના ૪૧૭ ગામોને આવરી લઈ રાજયમાં સ્થાયી વિકાસને આગળ વધાર્યો છે. આ સિવાય બેંક મહત્ત્વકાંક્ષી તાલુકા અરવલ્લી તથા પાટણ અને બનાસકાંઠાના સરહદી વિસ્તારોના ગામોમાં નવા પ્રોજેક્ટ્સ પણ લોન્ચ કરવા જઈ રહી છે. પરિવર્તન હેઠળના પાંચ મુખ્ય ફોકસ એરીયામાંથી ગ્રામ્યવિકાસ, શિક્ષણને પ્રોત્સાહન, કૌશલ્યની તાલીમ અને આજીવિકા વધારવીનો સૌથી વધારે પ્રભાવ પડ્યો છે, જેના કારણે અનુક્રમે ૩.૭૮ લાખ ખેડૂતો, ૩૧,૦૯૦ વિદ્યાર્થીઓ અને ૫૩,૮૩૦ મહિલા ઉદ્યોગસાહસિકો લાભાન્વિત થઈ રહ્યાં છે. આ પહેલની પહોંચ ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી ૧૭ જિલ્લા સુધી છે. એચડીએફસી બેંકના સીએસઆરના હેડ સુશ્રી નુસરત પઠાણએ જણાવ્યું હતુંકે, 'એચડીએફસી બેંક રાષ્ટ્રનિર્માણ માટે દ્રઢપણે કટિબદ્ધ છે અને પરિવર્તન એ દેશમાં સ્થાયી વિકાસને આગળ વધારવા અમારું યોગદાન આપવા માટેની એક પહેલ છે. એચડીએફસી બેંકના ગુજરાત ખાતેના બ્રાન્ચ બેંકિંગ હેડ શ્રી થોમસન જોસ એ જણાવ્યું હતુંકે, 'અમે સમગ્ર રાજયમાં સૌ કોઈને બેંકિંગ સેવાઓ સુલભ થાય તેની ખાતરી કરી અમારી બેંકિંગ સેવાઓની વ્યાપક રેન્જને પૂરી પાડવા માટે કટિબદ્ધ છીએ. એચડીએફસી બેંક માર્ચ ૨૦૨૪માં પૂરાં થતાં નાણાકીય વર્ષ દરમિયાન દેશમાં સીએસઆર પાછળ સૌથી વધુ ખર્ચ કરનારોમાંથી એક હતી. ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં બેંકે સમગ્ર દેશમાં તેની વિવિધ સીએસઆર પહેલ પર રૂ. ૯૪૫.૩૧ કરોડ ખર્ચ્યા હતાં. આ ઉપરાંત, માર્ચ ૨૦૨૪ સુધીમાં બેંકે સમગ્ર ભારતમાં સંચિત રીતે ૧૦.૧૯ કરોડથી વધારે લાભાર્થીઓ સુધી પહોંચીને તેનું પ્રભાવક્ષેત્ર પણ વિસ્તાર્યું છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

**ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ**

**કલેકટરશ્રી દિગ્વિજયસિંહ જાડેજાના હસ્તે**

### ગીરગઢડામાં મામલતદાર અને સ્ટાફ કવાર્ટરનું ખાતમૂહુર્ત કરાયું

**૧ કવાર્ટર સી કેટેગીરી મળી ૧૮ કવાર્ટરનું નિર્માણ કરાશે**

ગીર સોમનાથ, જિલ્લા વહીવટી તંત્રના કર્મચારીઓની સુગમતા રહે તે માટે જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ ગીરગઢડા ખાતે મામલતદાર અને સ્ટાફ ક્વાર્ટરનું ખાતમૂહુર્ત કર્યું હતું. કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાની સૂચનાથી ગીર ગઢડા ખાતે મામલતદાર તથા સ્ટાફ ક્વાર્ટર માટે ફાળવવામાં આવેલી ૪૦૭૨.૦૦ ચોરસ મીટર જમીનમાં 'ડી' કેટેગીરીનું મામલતદાર ક્વાર્ટર-૧ તથા 'સી' કેટેગીરીનાં કુલ-૧૮ સ્ટાફ કવાટર્સનું બાંધકામ કરવામાં આવશે. આ કામનાં મામલતદાર તથા સ્ટાફ કવાટરનાં બાંધકામ માટે કુલ રૂ. ૪,૪૦,૨૬,૫૭૧ ની બજેટ જોગવાઈ નિયત થયેલી હતી. જે અંગે ટેન્ડર મુજબ રૂ. ૪,૩૪, ૫૪,૨૨૬ થી સિદ્ધી વિનાયક કન્ટ્રક્શન કુ. નામની એજન્સી નિયત કરવામાં આવી છે. મામલતદાર અને સ્ટાફ ક્વાર્ટરનું ખાતમૂહુર્ત થતાં સર્વે કર્મચારીઓએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. ખાતમુહૂર્ત દરમિયાન પ્રાંત અધિકારી શ્રી ચિરાગ હિરવાણિયા, મામલતદાર શ્રી જી.કે.વાળા સહિતના માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

**મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી**

### મહુવામાં ભાજપ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



મહુવા, ભારતીય જનતા પાર્ટી પ્રદેશ ની પરંપરા પ્રણાલિકા તેમજ જિલ્લા ભાજપના પ્રમુખ મકવાણા ની સૂચના મુજબ વિધાનસભા દિઠ યોજાવાના સ્નેહ મિલન કાર્યક્રમ અંતર્ગત સ્નેહમિલન નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્નેહ મિલન કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ મંત્રીશ્રી રઘુભાઈ હુંબલ જીલ્લા પ્રભારી શ્રી બ્રિજરાજસિંહ ઝાલા, જોન મહામંત્રી સીપી સરવૈયા બંન્ને પ્રભારી શ્રી સુરેન્દ્રસિંહ સરવૈયા તેમજ મનહરભાઈ બલદાણીયા નગરપાલિકા પ્રમુખ ચાંદનીબેન મહેતા પંચાયતના પ્રમુખ શ્રીદુલાભાઈ ભાલીયા માર્કેટિંગ યાર્ડના ચેરમેન શ્રીગભરૂભાઈ કામળિયા તેમજ મહુવા ખરીદ વેચાણ સંઘ ના ચેરમેનશ્રી જીલુભાઈ ભુકણ ની ઉપસ્થિતિમાં યોજાયેલ હતો. આ સ્નેહમિલન માં વરિષ્ઠ આગેવાન શ્રી ઓ, શહેર અને ગ્રામ્ય સંગઠન ના હોદ્દેદારો નગરપાલિકા લડેલા સદસ્ય શ્રી ઓ, શિક્ષણ સમિતિ ના સદસ્યો શ્રી નાગરિક ,બેન્ક ના ડિરેક્ટરો, માર્કેટિંગ યાર્ડના શ્રી ઓ જિલ્લા પંચાયત લડેલા તમામ સદસ્યશ્રી તાલુકા પંચાયતના લડેલા તમામ સદસ્યશ્રી ખરીદ વેચાણ સંઘના તમામ ડાયરેક્ટરશ્રીઓ ,શહેર ગ્રામ્ય મોરચા ના હોદ્દેદારશ્રીઓ ,શહેર ના અગ્રણી ઉદ્યોગપતી શ્રી ઓ, વેપારી ઓ તેમજ સ્નેહી શુભેચ્છકો તેમજ કાર્યકર્તા શ્રી ઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

**જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ**

### ગિરનાર લીલી પરિક્રમામાં આવેલા ૧૪૬૭૨ યાત્રિકોને જરૂરી આરોગ્ય સારવાર અપાઈ



જૂનાગઢ, ગિરનાર લીલી પરિક્રમમાં આવેલા ૧૪૬૭૨ યાત્રિકોને જરૂરી આરોગ્ય સારવાર આપવામાં આવી છે. ગિરનાર લીલી પરિક્રમાના ૩૬ કિલોમીટર લાંબા રૂટ પર તંત્ર દ્વારા ૧૦ જેટલા હંગામી દવાખાનાઓ યાત્રિકોની સારવાર માટે શરૂ કરવામાં આવ્યા છે. યાત્રિકોના આરોગ્યની દરકાર માટે ૧૬ જેટલી મેડિકલ ટીમ સાથે સેવારત છે. ગિરનાર લીલી પરિક્રમામાં અને ૧૩ નવેમ્બર સુધીમાં ૧૪૬૭૨ યાત્રિકોને તાવ, શરદી-ઉધરસ, શરીરના દુ:ખાવા વગેરે દર્દોમાં જરૂરી આરોગ્ય સારવાર આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગિરનાર લીલી પરિક્રમાના રૂટ પર જીણાબાવાની મઢી, સરકડિયાના ઘોડી વિસ્તાર, માળવેલા વિસ્તાર, માળવેલાની ઘોડી ઉપરના પોઈન્ટ, શ્રવણની કાવડના નળપાણી વિસ્તાર, નળપાણીની ઘોડી ઉપરના પોઈન્ટ, બોરદેવી વિસ્તાર, બળદેવી મંદિર, અને ગિરનાર અંબાજીની ટૂંક પર હંગામી દવાખાના કાર્યરત છે. ઉપરાંત ભવનાથના નાકોડા ખાતે તાત્કાલિક સારવાર પણ ઉપલબ્ધ છે. આકસ્મિક સંજોગોમાં દર્દીને નજીકના દવાખાના પહોંચાડવા માટે ૧૨ જેટલી એમ્બ્યુલન્સ પણ પરિક્રમા રૂટ પર ડેપ્યુટેડ છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

**કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા**

### વિશ્વ ડાયાબિટીસ દિવસ નિમિતે રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગના માધ્યમથી ડાયાબિટીસ મુક્ત ગુજરાત અભિયાન

અમરેલી, વિશ્વ ડાયાબિટીસ દિવસ એટલે ડાયાબીટીસ દર્દ અંગે જાગૃતિ લાવવાનું અભિયાન. ગુજરાત યોગ દ્વારા ડાયાબિટીસ મુક્ત ગુજરાત બનાવવા ૧૪મી નવેમ્બર વિશ્વ ડાયાબિટીસ દિવસને ઉપલક્ષ્ય બનાવી, યોગિક ઉપચાર દ્વારા ડાયાબિટીસના દર્દીઓને યોગમય જીવનશૈલી અપનાવવા તેમજ સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુથી ડાયાબિટીસ મુક્ત ગુજરાત અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છ જિલ્લામાં પણ આજરોજ તારીખ ૧૪ના ભુજમાં બિલેશ્વર મહાદેવ મંદિર તેમજ ગોપાલપૂરી ગાંધીધામમાં ડાયાબિટીસ ગુજરાત અભિયાન અંતર્ગત યોગ શિબિરની સવારે ૬ કલાકે યોજાઈ હતી. આ શિબિરમાં કચ્છ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા શિબિરના સાધકોનું ડાયાબિટીસનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમના રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગ સેવક શ્રી શિશપાલજીના માર્ગદર્શન હેઠળ ભુજમાં પધારેલા મહેમાનોમાં પૂર્વ જિલ્લા આરોગ્ય અધિકારી પ્રેમકુમાર કન્નર તેમજ સર્વ મંગલ આરોગ્ય ધામના ચીફ મેડીકલ ઓફિસર ડો. આલાપ અંતાણી, કબીર મંદિરના પૂજનીય શ્રી કિશોરદાસજી મહારાજ, બિલેશ્વર મહાદેવ મંદિરના પ્રમુખ હરિભાઈ ઠક્કર સાથે મહંત શ્રી મોતીદાસજી મહારાજ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઝોન કો ઓર્ડીનેટર શ્રી વિજયભાઈ શેઠ (સુખડિયા), જિલ્લા કો ઓર્ડીનેટરશ્રી સંતરામદાસજી તેમજ સર્વે યોગ કોચ ટ્રેનર દ્વારા દીપ પ્રાગટ્ય કરી કિશોરદાસજી મહારાજના આર્શીવચન દ્વારા યોગ શિબિરની શરૂઆત કરવામાં આવી હતી.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – દિવાળી ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.599/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૬
તા.૧૫-૧૧-૨૦૨૪ શુક્રવાર

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon Since 1996
રાજ ફેમીલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઈલાઈટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુઝ, શાઈનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઈડ્રા, બ્રાઈડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એકસટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299/- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

### સ્વ. શ્રી પ્રદિપભાઇ રીબડીયા અને સર્વો પિતૃ મોક્ષાર્થે ભાગવત જ્ઞાનયજ્ઞમાં શ્રી દિલીપભાઇ સંઘાણી અને શ્રીમતિ ગીતાબેન સંઘાણીની ઉપસ્થિતિમાં

# ચલાલામાં કૃષ્ણ જન્મોત્સવ-રૂક્ષ્મણી વિવાહની ઉજવણી

## શ્રી દિલીપભાઈ સંઘાણી, સાંસદ શ્રી પરશોતમભાઇ રૂપાલા, શ્રી કૌશિકભાઈ વેકરીયા, શ્રી ભરતભાઇ સુતરીયા, શ્રી નારણભાઇ કાછડીયા, શ્રી જે. વી. કાકડીયા, શ્રી હિરેનભાઇ હિરપરા, શ્રી અશ્વિનભાઇ સાવલીયા, શ્રી જયંતીભાઈ પાનસુરીયા, શ્રી મનીશભાઇ સંઘાણી સહીતના રાજકીય મહાનુભવો દ્વારા કથાનું શ્રવણ કરાયું



ચલાલા, (પ્રકાશ કારીયા) અંશાઅવતાર દાનમહારાજ ની પવિત્ર ભુમી એવા ચલાલા દાનેવધામ ખાતે ચલાલા ના સેવાભાવી..પરોપકારી..યુવા અગ્રણીસ્વ.શ્રી પ્રદીપભાઈમનુભાઈરીબડીયાઅનેસર્વપિતૃઓ ના મોક્ષાર્થે અને બહુજન હિતાય,બહુજન સુખાય ની ભાવના સાથે તા, ૬૧૧, ના રોજ શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞ નો ખુબ જ ઉંમગ ઉત્સાહ ભેર ચલાલા ના સામાજીક આગેવાન શ્રી મનુભાઈ રણછોડભાઈ રીબડીયા ના આંગણેપ્રારંભથયોહતો..શ્રમદભાગવતજ્ઞાન યજ્ઞ મા શ્રી કૃષ્ણ જન્મોત્સવ, અને રૂક્ષમણી વિવાહ,સહિત ના ધાર્મિક કાર્યક્રમો ખુબ જ ભકિતમય વાતાવરણ મા ભાવનાત્મક રીતે યોજાયા હતા..રૂક્ષમણી વિવાહ મા ઠાકોરજી ની જાન ચલાલા બક્ષીપંચ મોરચા પ્રમુખ શ્રી શૈલેષભાઈ ઉનાગર નાનિવાસસ્થાનેથી વાજતે ગાતે ડીજે ના તાલે પુષ્પવર્ષા અને ફટાકડા ની આતશબાજી સાથે મોટી સંખ્યા મા મંગળ ગીતો ગાતાજાનૈયાઓ..શહેર ના રાજમાર્ગો પર થી શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞ ના સ્થળે રીબડીયા પરીવાર ના આંગણે ઠાકોરજી ની રૂડી જાન લઈ પધાર્યાહતા. જયાઠાકોરજીની રૂડીજાનનુભવ્ય થી ભવ્ય સ્વાગત કરાયુ હતુ..જાણીતા કથાકાર વિજ્ઞવાન શાસ્ત્રી શ્રી ભાવેશદાદા સુરતવાળા એસંગીતમયશૈલીમાખુબજભાવનાત્મકરીતે જ્ઞાન સભર કથા નુ રસપાન કરાવી શ્રોતાજનો ની વાહ..વાહ..મેળવી હતી..શહેરના શ્રેષ્ઠીઓ અને રીબડીયા પરીવાર તેમજ મહેમાનો દ્વારા કથા ના યજમાન શ્રી મનુભાઈ રીબડીયા,અને શાંતાબહેન રીબડીયા નુ ફૂલહાર અને શાલ થી સન્માન સ્વાગત કરાયુ હતુ..કથા દરમિયાન રોજ રાત્રી ધુન, હનુમાન ચાલીસા,કિર્તન જેવા કાર્યક્રમો યોજાયા હતા,કથા નુ રસપાન કરવા અંશાવતાર શ્રી દાનમહારાજ ની જગ્યા મંહત મહારાજ પુજય શ્રી વલકુબાપુ,નેસડી ખોડીયાર ધામ ના મંહત શ્રી લવજીબાપુ, ગાયત્રી સંસ્કાર ધામ ના વડા શ્રી રતીદાદા,ભીમનાથ મંદિર ના મંહત શ્રી મહીપતબાપુ ગોસાઇ, સહીત ના સંતો એ કથા નુ રસપાન કરી રૂડા આર્શીવચન પાઠવીયા હતા..રીબડીયા પરીવાર દ્વારા ઉપસ્થિત તમામ સંતો મંહતો નુ ફૂલહાર, શાલથી સન્માન કરાયુહતુ..ઈફકો ના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી,પૂર્વ કેબિનેટ મંત્રી અને રાજકોટ ના સાંસદ શ્રી પુરષોતમ ભાઈ રૂપાલા,ગુજરાત સરકાર ના મુખ્ય નાયબ દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા,સાંસદ શ્રીભરતભાઈ સુતરીયા,પુર્વ સાંસદશ્રી નારણભાઈ કાસડીયા, ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયા,લો કોલેજ ના પીન્સીપાલ શ્રી જોશનાબહેન ભગત,મહીલા આગેવાન શ્રીમતી ગીતાબેન સંઘાણી,અમરડેરી ના ચેરમેનશ્રી અસવીનભાઈ સાવલીયા,જીલ્લા સંઘ ના ચેરમેન શ્રી જયંતીભાઈ પાનસુરીયા,ગુજરાત પ્રદેશ યુવાભાજપ ના મહામંત્રીશ્રી મનીશભાઈ સંઘાણી,બેંક ના ચેરમેન શ્રી ધીરૂભાઈ વાળા,અમદાવાદ હાઈકોર્ટ ના જાણીતા અને ખ્યાતનામ એડવોકેટ શ્રી રાજેશભાઈ રૂપારેલ, શ્રી શૈલેષભાઈ પરમાર,શ્રી યોગેશભાઈ બારૈયા,જીલ્લા ભાજપ મહામંત્રીશ્રી મેહુલભાઈ ધોરજીયા,શહેર ભાજપપ્રમુખશ્રી પ્રવીણભાઈ માલવીયા, ન.પા.ના પૂર્વ પ્રમુખ શ્રીહિંમતભાઈ દોંગા,શહેર ભાજપ ઉપપ્રમુખ શ્રી ભૈયલુભાઈ વાળા, શ્રી પ્રકાશભાઈ કારીયા,પુર્વ સદસ્ય શ્રી અશોકભાઈ કાથરોટીયા,સહીત પુર્વ ધારાસભ્યશ્રીઓ ,જીલ્લા ભાજપ ના વરિષ્ઠ આગેવાનો અને ચલાલા પંથક ના મોટી સંખ્યા મા ભાવીક ભકતજનો,ઉપસ્થિત રહી ક્ષાન સભર કથા નુરસપાન કરીપોતાનો રાજીપો વ્યક્ત કરીયો હતો. આ શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞ કથામા દરરોજ શ્રોતાજનો માટે ભોજન પ્રસાદ ની સુંદર વ્યવસ્થા રાખવામા આવી હતી..આ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે શ્રીમનીષભાઈ સંઘાણી ના માર્ગદર્શન નીચે ચીરાગભાઈ માલવીયા, જીગ્નેશભાઈ લાખાણી,રણજીતભાઈ ભગત, જગદીશભાઈ માલવીયા, દિલીપભાઈ થોમ્સ,રમેશભાઈ ગજેરા, ભાવેશ ભાઈ, લક્ષ્મણભાઈ રીબડીયા,ભરતભાઈ રીબડીયા, મથુરદાસ રીબડીયા, સહીત રીબડીયા પરીવાર ના સભ્યો એ ભારે જહેમત ઉઠાવી હતી..આ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ ને લઈ ને મહાદેવ પરા વિસ્તાર મા ભકિતમય વાતાવરણ સર્જાયુ હતુ.

### જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી મનીષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ

# અમરેલી જીલ્લા સહકારી સંઘની યુવા કમિટીની રચના કરાઇ

## યુવા સમિતિનાં અધ્યક્ષ પદે જીજ્ઞેશભાઇ રામાણી અને વનરાજભાઇ વરૂની વરણી



અમરેલી,

અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી મનીષ સંઘાણી દ્વારા અમરેલી જીલ્લાનાં યુવાનો સહકારી ક્ષેત્રથી જાણકાર બને અનેવધુયુવાનોસહકારીતામાંજોડાયતેવાઉમદા હેતુથીઅમરેલીજિલાસહકારીસમિતિનીયુવા સમિતિની રચના કરવા માટે બેઠકનું આયોજાન કરવામાં આવેલ હતું જેમાં અમરેલી જીલ્લા સહકારી સંઘ ની યુવા સમિતિના ડાયરેક્ટર, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિયુક્તિ કરવામાં આવી. જેમા અધ્યક્ષ તરિકે શ્રી જીજ્ઞેશભાઈ રામાણી (ડેની) અને ઉપાધ્યક્ષ તરિકે શ્રી વનરાજભાઈ વરું તેમજ યુવા સમિતિના ડાયરેક્ટરપદપર શ્રી જગદીશભાઈ નાકરાણી, શ્રી રાકેશભાઈ ડાવરા, શ્રી રોમિતભાઈ કોટડીયા, શ્રી નીરવભાઈ ગોંડલિયા, શ્રી જતીનભાઈ સાવલિયા, શ્રી અમરસિંહ રાઠોડ, શ્રી ચિરાગભાઈ બારૈયા, શ્રી રમેશભાઈ માંડવીયા, શ્રીનીખીલભાઈ પટેલ, શ્રીરવિભાઈ ધાનાણી, શ્રી રવિભાઈ પંડ્યા અને શ્રી રાજદિપભાઈ જાની ની નિયુક્તિ કરવામાંઆવી હતી. જેવોઅમરેલીજીલ્લામાંસહકારનામાધ્યમ થી યુવાઓમાં જાગૃતતા લાવવાનું કાર્ય કરશે.

### ગામડાંઓના રસ્તાઓને સુંદર અને રણીયામણાં બનાવવા પ્રયાસો સફળ

# લાઠીના રામપર, નાના રાજકોટ, કરકોલીયા, ચાવંડ રોડને રીસરફેસ કરવા માટે રૂપિયા ૯ કરોડ મંજૂર કરાવતા ધારાસભ્ય શ્રી તળાવીયા

## ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા અને સાંસદશ્રી ભરતભાઇ સુતરીયા પોતાના વિસ્તારમાં વિકાસ કામો માટે સતત પ્રયત્નશીલ



અમરેલી,

લાઠી વિસ્તારના ગ્રામ્ય કક્ષાના રોડ રસ્તાઓ સુંદર અને રણીયામણાં બની રહે તે માટે લાઠી બાબરાના જાગૃત અને કર્મનિષ્ઠ લોક પ્રતિનિધિ જનકભાઈ તળાવીયા તેમજ સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા બન્નેની જહેમત રંગ લાવી અને ૯ કરોડ જેટલી માતબાર રકમ વડે લાઠી તાલુકાના ગામડાંઓના રોડ માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માંથી મંજુર થતાં ગ્રામીણ ગામોના ખેડુતો, માલધારીઓએ જનક તળાવીયા અને ભરત સુતરીયાની ગામડાંઓ પ્રત્યેની ભાવનાની કદર કરવાની સંરચના કરવામાં આવી છે. લાઠી બાબરા વિસ્તારમાં જનકભાઈ ચુંટાઈ આવ્યા બાદ હમેંશા ગાંધીનગરથી વિકાસના કામોની સરવાણી ચાલુ રહી છે. રાજયભરમાં ભાજપની વિકાસશીલ સરકાર વિકાસની અનેરી ભેટ આપી છે. ત્યારે પોતાના મત વિસ્તારમાં કામો લાવવાની અનેરી કુશળતાના કસબી તળાવીયા તેમજ સુતરીયા એ પોતાના મત વિસ્તારના રોડ રસ્તાઓ તાત્કાલિક રિસરફેસ થાય તે માટે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલને ખૂબ જ ભારપૂર્વક રજૂઆત કરેલ, જે અન્વયે ૨૨ ઓકટોબર ૨૦૨૪ ના રોજ સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા લાઠી તાલુકાના રામપર, રાજકોટ, કરકોલીયા થઈને ચાવંડ તરફ જતાં રોડ માટે કુલ ૧૦ કી.મી. સુધીના પાકા ડામર રોડને રીસરફેસ કરવા માટે રૂપિયા ૯ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે આ રકમમાંથી લાઠી તાલુકાના રામપર, નાના રાજકોટ, કરકોલીયા થઈને ચાવંડ તરફ જતાં રોડને રીસરફેસ કરવામાં આવશે, આ રીસરફેસીંગ કામગીરી સાથે સ્ટ્રેથનીંગની કામગીરી (પ્લાસ્ટીક ઉપયોગ) તેમજ ગામતળ વિસ્તારમાં જરૂર જણાય ત્યાં સી.સી.રોડની કામગીરી પણ કરવામાં આવશે, આ રોડ થોડા સમય પહેલા ખરાબ થયેલ હોવાનું ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયાના પ્રવાસ દરમ્યાન ધ્યાને આવતાં તાત્કાલીક અસરથી આ રોડને રીસરફેસ કરવા માટે સરકારશ્રીમાં રજુઆત કરવામાં આવેલ હતી, આ ધારાસભ્યશ્રીની રજુઆતને તાત્કાલીક અસરથી સરકારશ્રી દ્વારા ધ્યાને લઈ આ માટે ૯ કરોડ ની રકમ ફાળવવામા આવેલ છે. આ રોડ-રસ્તાના રીસરફેસિંગ નું કામ ધારાસભ્ય શ્રી જનક તળાવીયા તેમજ સાંસદશ્રી ભરત સુતરીયા એ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માંથી મંજુર કરાવ્યા છે.ત્યારે લાઠી પંથકમાં ગ્રામીણ ગામડાંઓના રસ્તાઓને સુંદર અને રણીયામણાં બની રહે તે માટે ફરી એકવાર ૯ સરકારશ્રીમાંથી મંજુરીની મહોર મળતા ગ્રામીણ ગામડાંઓના આ વિસ્તારની પ્રજા તેમજ અન્ય પ્રવાસીઓની સુખાકારીમાં વધારો કરવા અને સ્થાનિકોની રસ્તાઓની સમસ્યાનું નિરાકરણ લાવવામાં ધારાસભ્ય જનક તળાવીયા અને સાંસદશ્રી ભરત સુતરીયાની સફળતામાં વધુ એક મોરપીંછ સમાન યશકલગીનો ઉમેરો થયો હોવાનું સમર્પણ કાર્યાલયના ઈન્ચાર્જ વિજયભાઈ બારડની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# મહારાષ્ટ્રમાં ખેડૂતોના દેવા માફીનું વચન તો ગુજરાતના ખેડૂતોને દેવા માફી કેમ નહીં ?

## અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખશ્રી મનિષ ભંડેરીનો વેધક સવાલ



અમરેલી, તાજેતરમાં જ મહારાષ્ટ્ર રાજયમાં વિધાનસભાની ચૂંટણીના અનુસંધાને ભાજપ તેમનાચૂંટણીઢંઢેરામાંખેડૂતોનામતમેળવવામાટે ખેડૂતોના દેવા માફીનુંવચન ભાજપ પક્ષે આપેલું છે, જો ભાજપ પક્ષ મહારાષ્ટ્રના ખેડૂતોને દેવા માફીનું વચન આપી શકતી હોય, તો ગુજરાત રાજયમાંછેલ્લા ૩૦વર્ષથીભાજપનુંશાસનહોય અને ભાજપના શાસનમાં ગુજરાતનો ખેડૂત દેવાદાર બની ગયોહોય, તો ગુજરાતના ખેડૂતોના દેવામાફ માટે ગુજરાતની ભાજપ સરકાર કરતી નથી? માત્રને માત્ર ગુજરાતના ખેડૂતોને મૂર્ખ બનાવવાનું કામ ગુજરાતની ભાજપ સરકાર છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં કરી રહી છે, ચાલુ વર્ષેસમગ્રગુજરાતરાજ્યમાંઅતિવૃષ્ટિનામારથી ગુજરાતના ખેડૂતોનો સમગ્ર પાક પાયમાલ થયો છે, ત્યારે ખેડૂતોના મોંઢામા આવેલો કોળિયો છીનવાઈ ગયોછે. આમ જ્યારે કુદરતી આપત્તિ હોય ત્યારે સરકારે ખેડૂતના હમદર્દ થઈને પડખે ઊભા રહેવાના બદલે સહાય પેકેજના નામે ખેડૂતોની ક્રૂર મશ્કરી કરવાનું કામ ગુજરાતની ભાજપ સરકાર કરી રહી છે. જ્યારે ખેડૂતોનો ચોમાસુ પાક સદંતર નિષ્ફળ ગયો છે ત્યારે આ આપદામાંથી બહાર નીકળવા માટે ખેડૂતો શિયાળુ પાક માટેના વાવેતરની તૈયારી કરી રહ્યા છે જેના માટે ખાતર DAP કે ઈફકોનુ ૧૨:૩૨:૧૬ સહકારી મંડળીઓમાં કે સહકારી તાલુકા જીલ્લા સંઘમાંછેલ્લા ઘણા દિવસોથી ખેડૂતોને મળતું નથી અને જો અનાયાસે કોઈ કમંડળી કે સંઘમાં ખાતર હાજરમાં મળી જાય તો તે ખાતરની બે બેગ સાથે એક બોટલ નેનોની ફરજિયાત ખેડૂતને આપવામાં આવેછે. આમ ખેડૂતોને એન-કેન પ્રકારે મારવાનું કામ ભાજપના શાસકો કરી રહ્યા છે. અમરેલી જિલ્લામાં ધારાસભ્યો, સંસદ સભ્ય, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયતો, નગરપાલિકાઓ, આ બધુંજ ભાજપનું હોવા છતાં અમરેલી જિલ્લાને અતિવૃષ્ટિથી નુકસાનના સહાય પેકેજ માંથી બાકાત રાખવામાં આવ્યો છે જે ભાજપની નબળી નેતાગીરી પુરવાર કરે છે. જો ખરેખર ભાજપના શાસકો ખેડૂતોનું હિત ઈચ્છતા હોય મહારાષ્ટ્રમાં ચૂંટણીના અનુસંધાને ખેડૂતોના દેવા માફી આપવા માટેનું વચન ભાજપ પક્ષ તેમના ચૂંટણી ઢંઢેરામાં આપતી હોય તો ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી ભાજપનું શાસન હોય તો ગુજરાતના ખેડૂતોના દેવા શા માટે માફ કરવામાં આવતા નથી? તેઓ વેધક સવાલ અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ કર્યો છે.

### શ્રમદાન કાર્યક્રમ અંતર્ગત

# બગસરામાં મેઘાણી હાઇસ્કુલના પ્રિન્સીપાલ તેમજ શિક્ષકગણ દ્વારા સફાઇ અભિયાન હાથ ધરાયું

## વેકેશન ખુલતા પહેલા શાળા પરિસરની સફાઇ



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

આજ રોજ શ્રમદાન કાર્યક્રમ અંતર્ગત બગસરા મેઘાણી હાઈસ્કૂલ ના સ્ટાફ દ્વારા વેકેશન ખુલતા પહેલા શાળા ના પરિસરનું સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું જેમાં આચાર્ય શ્રી વી. કે જેઠવા , એમ.ડી.મહિડા, એમ.જે.ડોડીયા, એમ.ડી.રાઠોડ, બી.બી. ચંદ્રવડીયા, એચ.વી.ચૌહાણ, પરેશભાઈ ચૌહાણ મંગળુભાઈ, જાહિદભાઈ, ગોરભાઈ,મનીષ કુકવાવા વગેરે જહેમત ઉઠાવી હતી અને બગસરા મેઘાણી હાઈસ્કુલ ના પરિસર ની સફાઈ કરી હતી

આવો,
સ્વાતંત્ર્ય સંગ્રામના જનનાયક
# બિરસા મુંડાજીના ૧૫૦મા જન્મજયંતી વર્ષને ઉજવીએ



વિકસિત ભારત વિકસિત ગુજરાત



# જનજાતિય ગૌરવ દિવસ

## આદિજાતિ વિકાસમાં અગ્રેસર ગુજરાત

**પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન (PM-JANMAN) અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA JGUA) અંતર્ગત**

માનનીય વડાપ્રધાન
## શ્રી નરેન્દ્રભાઈ મોદી

દેશના ૩૧ રાજય–કેન્દ્રશાસિત પ્રદેશના ૧૦૦ જિલ્લાઓ સાથે વર્ચ્યુઅલી જોડાશે
અને લાભાર્થીઓ સાથે કરશે સીધો સંવાદ

માનનીય રાજયપાલશ્રી
**આચાર્ય દેવવ્રતજી**ની
અધ્યક્ષતામાં
**તારીખઃ** ૧૫/૧૧/૨૦૨૪, **સમયઃ** સવારે ૧૦ વાગે,
**સ્થળઃ** સ્વામિનારાયણ મંદિર, નેત્રંગ–ઝંખવાવ રોડ, તાલુકોઃ નેત્રંગ, જિલ્લોઃ ભરૂચ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે
**તથા**

**રાજયકક્ષાનો કાર્યક્રમ**

માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની
ગરિમામયી ઉપસ્થિતિમાં
**તારીખઃ** ૧૫/૧૧/૨૦૨૪, **સમયઃ** સવારે ૧૦ વાગે,
**સ્થળઃ** પોલીસ પરેડ ગ્રાઉન્ડ, તાલુકોઃ આહવા, જિલ્લોઃ ડાંગ ખાતે યોજાશે

**ભારત સરકારના આ કાર્યક્રમનું રાજયકક્ષા ઉપરાંત અન્ય ૧૦ જિલ્લાઓ (વલસાડ, નવસારી, તાપી, સુરત, ભરૂચ, નર્મદા, સાબરકાંઠા, અમદાવાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ)ના ૧૦ સ્થળો ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવશે**

### અતિથિ વિશેષ

**ડૉ.કુબેરભાઈ ડીંડોર**
માન. મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ગુજરાત સરકાર

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**
માન. રાજ્યકક્ષાના મંત્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત સરકાર અને પ્રભારી મંત્રી, ડાંગ જિલ્લો

**શ્રી ધવલભાઈ પટેલ**
માન. દંડક, લોકસભા અને સંસદસભ્ય, વલસાડ–ડાંગ

**શ્રી વિજયભાઈ પટેલ**
માન. નાયબ મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા અને ધારાસભ્ય, ડાંગ

**ગુજરાતમાં જનજાતિય સશક્તિકરણ થકી વિકસિત ભારતના નિર્માણને મળશે વેગ**